# સોમનાથ-ભાવનગર નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા કોડીનાર બાયપાસ રોડમાં બનાવી મોતની ચોકડીઓ





## કોડીનાર શહેર માંથી પસાર થતા સોમનાથ - ભાવનગર હાઈવે ઉપર ૬૭ ગામોને જોડતા બે જંક્શનો ઉપર ફ્લાયઓવર ના હોવાના કારણે દરરોજ થતાં અનેક અકસ્માતો : "બંને જંક્શનો માં ફ્લાય ઓવરનું નિર્માણ કરવા ચેમ્બર ઓફ કોમર્સ અને ભાજપ અગ્રણીઓની માંગણી"

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૧

કોડીનાર શહેર માંથી પસાર થતા સોમનાથ - ભાવનગર હાઈવે ઉપર ૬૭ ગામો ને જોડતા બે જંક્શનો ઉપર નેશનલ હાઈવે ઓથોરિટીની અણઆવડતના કારણે ફ્લાયઓવર બનાવવામાં ના આવતા આ બન્ને જંકશનો (ચાર ચોકડી ) ઉપર દરરોજ અનેક અકસ્માતો થઈ રહ્યા હોવાના કારણે અનેક લોકો નું જાનમાલ નું નુકશાન થઈ રહ્યું હોય આ અંગે કોડીનાર ચેમ્બર ઓફ કોમર્સ અને ભાજપના અગ્રણી આગેવાનો દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી અને તેને સંબંધિત વિભાગોમાં પત્ર લખી રજૂઆત કરી છે. ચેમ્બર ઓફ કોમર્સ કોડીનાર દ્વારા પાઠવેલા પત્રમાં જણાવ્યા કોડીનાર શહેરમાંથી પસાર થતા સોમનાથ ભાવનગર નેશનલ હાઈવે રોડ ઉપર આવેલ બાયપાસ રોડ ઉપર વડનગર ચોકડી અને રોનાજ ચોકડી ઉપર તાલુકાના અંદાજિત ૬૭ જેટલા ગામોના લોકો તાલુકા મથકે આવતા જતા હોય આ બન્ને જંકશનો ચોકડી ભારે ટ્રાફિકથી ધમધમતા હોય ફ્લાયઓવરની ખાસ જરૂરિયાત હોવા છતાં નેશનલ હાઈવે ઓથોરિટી ની અણઆવડત ના કારણે આ બન્ને ચોકડી ઉપર ફ્લાયઓવરની સુવિધા આપવામાં આવેલ ના હોવાના કારણે દરરોજ અનેક અકસ્માતો થઈ રહ્યા હોવાના કારણે અનેક લોકોનું જાનમાલનું નુકશાન થઈ રહ્યું હોય આ અંગે અવારનવાર રજૂઆતો કરવા છતાં નિર્ભર તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી ન હોય નેશનલ હાઈવે માં આવતો આ બાયપાસ રોડ કોડીનાર તાલુકાના લોકો માટે અભીશ્રાપ રૂપ દેખાઈ રહ્યો હોય તાકીદે કાર્યવાહી કરી બન્ને ચોકડીઓ ઉપર ફ્લાયઓવર મૂકવા ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સોમનાથ ભાવનગર નેશનલ હાઈવે ની કામગીરી છેલ્લા આઠ વર્ષથી ગોકળગાય ગતીએ ચાલી રહી છે હજુ ઘણી જગ્યાએ કામગીરી બાકી છે ત્યારે સોમનાથથી કોડીનારના વેળવા સુધીમાં ૬૦ કિલોમીટરની અંદર ત્રણ ટોલનાકા ચાલુ કરીને મોટી રકમની લૂંટ ચલાવી રહેલી આ હાઈવે ઓથોરિટી ના અધિકારી કંઈક માનવતા રાખે અન્યથા હવે જન આક્રોશ ફાટી નીકળે અને તેના રોષનું ભોગ બનવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

સોમનાથથી ભાવનગર નેશનલ હાઈવે ઓથોરિટીના પાપે કોડીનારથી પસાર થતાં વડનગર ચોકડી અને રોણાજ ચોકડી ઉપર દરરોજ અકસ્માતોની ઘટના બની રહી છે. આજરોજ પણ સવારે ૧૦:૦૦ વાગ્યાના સુમારે રોણાજ ચોકડી પાસે હાઈવે ઉપરથી પસાર થતાં એક મોટરકારને ટ્રેક્ટર સાથે અકસ્માત થતા મોટી નુકસાની થઈ હતી. સદભાગ્ય કોઈ જાન હાની થઈ નથી પરંતુ કોડીનારની રોણાજ ચોકડી અને વડનગર ચોકડી ઉપર નેશનલ હાઈવે ઓથોરિટીએ ફ્લાઈ ઓવર બ્રિજ બનાવવાના થાય છે પરંતુ આ બંને જગ્યાએ ઓવરબ્રિજ નહીં બનાવીને કોડીનાર તાલુકાના અંદાજે ૩૦ થી ૪૦ ગામના લોકોને રામ ભરોસે મૂકી દીધા છે આ બંને ચોકડી પાસે દરરોજ અકસ્માત થાય છે આ ચોકડી પાસે કોઈ દિશા સૂચક બોર્ડ પણ નથી રોડ બનતો હતો ત્યારે આ વિસ્તારની પ્રજા દ્વારા અવારનવાર માંગણી કરીને આ બંને ચોકડી ઉપર ઓવરબ્રિજ બનાવવાની માંગણી કરી આંદોલન પણ કર્યા હતા પરંતુ નેશનલ હાઈવે ઓથોરિટી નું નિર્ભરતંત્ર આ બાબતે નોંધ સુધા લીધી નહીં પરિણામે દરરોજ અકસ્માતો ની હારમાળા થઈ રહી છે.નેશનલ હાઈવે ઓથોરિટી ઓવરબ્રિજ નહીં બનાવીને આ ગ્રામ્ય વિસ્તારની પ્રજાને ભગવાન ભરોસે મૂકી દીધા છે કોઈ ગમખ્વાર અકસ્માત બનશે અને મોટી જાનાની થશે તો નેશનલ હાઈવે ઓથોરિટીના જવાબદાર અધિકારી ની જવાબદારી ફીટ કરી તેમની સામે પગલાં લેવા જોઈએ તેવી પણ માંગણી ઉઠી છે.

# અમદાવાદ-કેશોદની હવે ડાયરેક ફ્લાઈટ : ભાડુ રૂા.૧૯૯૯

જૂનાગઢ તા.૧૧

અમદાવાદ કેશોદ ફ્લાઈટ અમદાવાદથી સવારે ૧૦.૧૦ ઉપડશે. ૧૦.૫૫ કેશોદ તેમજ કેશોદ અમદાવાદ ફ્લાઈટ બપોરના ૪.૨૦ ઉપડશે અને ૫.૨૦ અમદાવાદ પહોંચશે. મંગળ, ગુરૂ, શની ૩ દિવસ સેવા ચાલુ રહેશે.

કેશોદ થી દીવની ડાયરેકટ ફ્લાઈટ ભાડુ રૂા.૧૪૯૯

કેશોદ થી ૧૧.૨૦ ઉપડશે અને ૧૧.૪૫ દીવ પહોંચશે. તેમજ દીવ-કેશોદ દીવથી ૧૫.૨૫ એ ઉપડશે અને ૧૫.૫૫ કેશોદ પહોંચશે. મંગળ, ગુરૂ, શનિ કાર્યરત છે.

# રાજ્યકક્ષાએ ઊનાના કરાટેના ખેલાડીઓની પસંદગી થતાં ગૌરવ વધાર્યું

(પ્રતિનિધિ દ્વારા)

હાલના સમયમાં ખેલકૂદમાં ખુબ જ સારી રીતે રમતવીરો આગળ વધી રહ્યા છે. તેવી જ રીતે સમગ્ર ગુજરાતમાં કરાટે રમતનું સિલેકશન થવા જઈ રહ્યું છે. ગીર સોમનાથ જિલ્લાનું કરાટેની રમતમાં જિલ્લા કક્ષાએ સિલેકશન કરવામાં આવ્યું હતું. તેમાં જયવીર વાઘેલા, ક્રિશિવ મૈયા અને મનસ્વ બવાડિયાની સબ જુનિયર વયજૂથમાં પસંદગી કરવામાં આવી છે. આ ત્રણ રમતવીરો આવનારા દિવસોમાં બરોડા ખાતે KDF(કરાટે ડો ફેડરેશન) દ્વારા રાજ્ય કક્ષાની હરીફાઈમાં ગીર સોમનાથ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. KDF(કરાટે ડો ફેડરેશન) એક S.A.G.(સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત) દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થા છે. આ રમતવીરો તેમના કોચ રવિ કછોટ પાસે તાલિમ મેળવી રહ્યાં છે.

# જૂનાગઢ : યુનિટી ગૃપ દ્વારા શ્રી ગોડ પ્રિમીયર લીગ યોજાઈ





જૂનાગઢ તા.૧૧

યુનિટી ગૃપ દ્વારા શ્રી ગોડ પ્રિમીયર લીગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કામધેનુ યુનિવર્સિટીના ગ્રાઉન્ડ ખાતે શ્રી ગોડ પ્રિમીયર લીગ સીઝન-૨ યોજાઈ હતી. જેમાં ૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ૧૨ ઓવરમાં ૧૪૩ રન કરવાના હતા તેમાં ફાઈટર-૧૧ નો ૯ વિકેટથી વિજેતા થયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આકાશ દવે, શોભન પુરોહીત, હેમાંગ દવે, દેવમ પંડયા, જય ભટ, દર્શીત દવે વગેરેએ જહેમત ઉઠાવી હતી. જયારે વિજેતાઓને ઈનામ વિતરણ કાર્યક્રમમાં શૈલેષભાઈ દવે તથા શનતભાઈ પંડયા હાજર રહ્યા હતા. તેમ રાજુભાઈ પુરોહીતની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા "કાર્તિકી પૂર્ણિમા મેળો ૨૦૨૪"ના સહેલાણીઓની સુરક્ષા માટે મહત્વનો નિર્ણય









## સલામતીના માનાંકો મેળવવામાં નિષ્ફળ ગયેલ એજન્સીનો વર્કઓર્ડર રદ કરી એકપણ મોટી રાઈડ નહી ચલાવવામાં આવે : લોકોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતું ટ્રસ્ટનું અનુકરણીય પગલું

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૧

સૌરાષ્ટ્રના સૌથી પ્રસિદ્ધ મેળામાંના એક એવા "કાર્તિકી પૂર્ણિમા મેળા ૨૦૨૪"માં ભજન ભોજન ભક્તિ અને આનંદની સરવાણી વહેતી હોય છે. ત્યારે આ વર્ષના મેળામાં આવનાર સહેલાણીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે શ્રી સોમનાથ ટ્રસ્ટે એક અતિ મહત્વપૂર્ણ પગલું લીધું છે. ટ્રસ્ટે મેળામાં મોટી રાઈડ્સની એજન્સીને સરકારશ્રી દ્વારા નિયત કરાયેલ સુરક્ષાના માપદંડો પૂરા કરવામાં નિષ્ફળ થતી જોઈને સહેલાણીઓની સલામતીને પ્રથમ સ્થાન આપીને જે તે એજન્સીનો વર્કઓર્ડર રદ કરી મોટી રાઈડ્સ બંધ રાખાવવાનો નિર્ણય કર્યો છે. કોઈપણ આર્થિક પાર્જન મનુષ્યના જીવનને ખતરામાં નાખીને ન કરી શકાય કે ન તો કોઈને કરવા દઈ શકાય શ્રી સોમનાથ ટ્રસ્ટ પોતાના આ મૂલ્યો ઉપર અડગ છે. ત્યારે ખાસ બાળકોને મેળાનું આકર્ષણ નાની રાઈડસ હોય છે ત્યારે બાળકો માટે નાના મોજમસ્તી ભરેલા અનુકૂળ અને સલામત રાઈડ્સ ઉપલબ્ધ રહેશે, જેમાં તમામ સુરક્ષા તકેદારીનું પાલન કરવામાં આવ્યું છે. ત્યારે અમુક ભ્રામક તત્વો જે લોકોની સુરક્ષા સાથે જોખમ લઈ કરી અંગત લાભ મેળવવા માંગતા હોય જેને સોમનાથ ટ્રસ્ટ દ્વારા મનાઈ ફરમાવતા મેળા અંગે દુષપ્રચાર કરવામાં આવતો હોય તેવું જાણવા મળ્યું છે. કાર્તિકી પૂર્ણિમાનો મેળો એ જ ભવ્યતાથી અને દિવ્યતાથી આયોજિત કરવામાં આવ્યો છે. લોકોને મલિન તત્વોની કોઈ પણ અફવા પર વિશ્વાસ ન કરવા સોમનાથ ટ્રસ્ટ અપીલ કરે છે.

**મેળાનો પ્રારંભ અને વિશેષતાઓ**

કાર્તિકી પૂર્ણિમા મેળાનો પ્રારંભ ૧૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સાંજે ૫ વાગ્યે થાય છે. ૧૯૫૫થી શરૂ થયેલો આ મેળો લોકસંસ્કૃતિ, અધ્યાત્મ અને મનોરંજનના ત્રિવેણી સંગમ તરીકે જાણીતા છે. આ વર્ષે કાર્તિકી પૂર્ણિમા મેળો સોમનાથ બાયપાસના સદભાવના ગ્રાઉન્ડ ખાતે યોજાશે. મેળામાં બાળકો માટે ૫૦ થી વધુ મનોરંજન માટેની રાઈડસ, ૨૦૦ જેટલા ખાણી-પીણીના સ્ટોલ, રમકડાં, અને હસ્તકલા-ગૃહઉદ્યોગના ઈન્ડેક્ષ-સી વિભાગના વિવિધ સ્ટોલ્સ છે. આ ઉપરાંત જેલના કેદીઓના બનાવેલા ભજીયા સ્ટોલ, આકર્ષક સેલ્ફી પોઈન્ટ્સ, "સોમનાથ @૭૦" ચિત્ર પ્રદર્શની, અને શ્રી કિર્તિદાન ગઢવી, શ્રી માયાભાઈ આહિર, શ્રી રાજભા ગઢવી, શ્રી દેવાયત ખવડ, શ્રી અપેક્ષાબેન પંડયા, શ્રી બીરજુ બારોટ જેવા અનેક લોકપ્રિય ગુજરાતી કલાકારોના સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આમ, કાર્તિકી પૂર્ણિમા મેળાના પ્રત્યેક પધારનારા માટે સુરક્ષિત અને આનંદસભર વાતાવરણમાં યાત્રા સુનિશ્ચિત કરવામાં આવી છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ, જિલ્લા વહીવટ તંત્ર, જિલ્લા પોલીસ તંત્ર અને નગર સેવા સદન સાથે મીલીને મેળામાં તમામ સુવિધાઓ ઊભી કરી છે.

# માંગરોળના શાપુર ગામના વૃધ્ધનો ગળાફાંસો ખાઈ આપઘાત પુત્રીના આપઘાતના આઘાતથી પગલું ભર્યું

જુનાગઢ તા. ૧૧ :

જૂનાગઢ જીલ્લાના માંગરોળના શાપુર ગામનાં વૃદ્ધે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર, માંગરોળ તાલુકાના શાપુર ગામે દલિતવાસમાં રહેતા ૫૬ વર્ષના લખમણભાઈ કરસનભાઈ કાથડની દીકરીએ દોઢ મહિના પહેલા રાજકોટ ખાતે આપઘાત કર્યો હતો. જેના ટેન્શનના કારણે ગઈકાલે પોતાના ઘરે ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ બારામાં માંગરોળ મરીન પોલીસે મળતકના પુત્રનું નિવેદન લઈ આગળની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## વિસાવદર તાલુકાના મુંડીયા રાવણી ગામના વૃદ્ધનો એસિડ પી આપઘાત

મુંડીયા રાવણી ગામે આપઘાત

વિસાવદર તાલુકાના મુંડીયા રાવણી ગામના ૬૫ વર્ષના મધુભાઈ જેરામભાઈ સરવૈયાને છેલ્લા ૧૫ વર્ષથી ડાયાબિટીસની બીમારી હોય અને થોડા સમય પહેલા પિતાશયની પથરીનું ઓપરેશન કરાવ્યું હતું. આ બીમારીથી કંટાળી જઈને વળદ્ધે તા. ૮ નવેમ્બરના રોજ એસિડ પી જઈને આપઘાત કરી લેતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

જૂનાગઢમાં ભિક્ષુકનું મોત

જૂનાગઢમાં કાળવા ચોક પાસે પુલ નજીક અજાણ્યા ભિક્ષુક જેવા ૫૦ વર્ષના પુરુષનું કોઈપણ કારણસર બીમારીથી મૃત્યુ થયાની જાણ દીનદયાળ નગરમાં રહેતા સાગરભાઈ સોલંકીએ કરતા પોલીસે મળતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી હતી.

# ઊનામાં ધોળા દિવસે વકીલની ખુલ્લી ઓફિસમાં રૂપિયા ૯૫૦૦૦ રોકડા રૂપિયાની ચોરી સાથે કુલ ૪ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો

## આરોપી પિતા અને પુત્રીને પોલીસે પકડી રૂપિયા રોકડા રૂપિયા સહિત ૫૮૨૦૦નો મુદામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૧૧

ઊના શહેરમાં ગત તારીખ ૨૫-૧૦-૨૪ના બપોરના બે વાગ્યા બાદ પોલીસ સ્ટેશન સામે ૧૦૦ મીટર દૂર આવેલ પુષ્પ હરિ કોમ્પલેક્ષના પહેલા માળે નયનભાઈ રામજીભાઈ પરમાર જમવા ગયા હતા. ઓફીસ ખુલ્લી હતી કોઈ ન હતું તેથી એક વિકલાંગ યુવતી ઓફીસમાં ઘુશી ટેબલના ખાનામાં રાખેલ રોકડા રૂપિયા ૯૫૦૦૦ ચોરી કરી નાસી ગઈ હતી અને તેના સી.સી. ટીવી ફૂટેજના આધારે ઊના પોલીસમાં વકીલ નયનભાઈ રામજીભાઈ પરમારએ લેખિતમાં અરજી આપી હતી. જેની તપાસ ગીર સોમનાથ જિલ્લાના પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના માર્ગ દર્શન હેઠળ ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ કરી રહી હતી અને પોલીસે મૂળ કાલાવડ ગામના હાલ વીરપુર રહેતા બચુભાઈ ઉર્ફે જાડો રમુભાઈ બાદાભાઈ ચાડમિયા અને તેમની દીકરી સપના બચુભાઈ ચાડમિયાને પકડી આગવી પૂછપરછ કરતા તેમણે ઊનામાંથી વકીલની ઓફીસમાંથી ચોરી કરેલની કબૂલાત આપી હતી. પોલીસે તેમની પાસેથી રૂપિયા ૫૮૨૦૦/રોકડા રૂપિયાનો મુદામાલ કબ્જે કર્યો હતો. આ અંગે માહિતી આપતા ગીર-સોમનાથ જિલ્લાના પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ જણાવેલ કે આ પકડાયેલા પિતા અને પુત્રી આરોપી ચોરી કરવાને ટેવ વાળા છે. દુકાન ઓફિસ ખુલ્લી હોય કોઈ ન હોય ત્યારે હાથ ફેરો કરી ચોરી કરે છે. અગાઉ ચાર મહિના પહેલા પાલીતાણા શહેરમાં હીરાના કારખાનાની ઓફિસના ટેબલમાંથી રૂપિયા ૬૫૦૦૦/ની ચોરી તેમજ બે મહિના પહેલાં ભાવનગર જિલ્લાના મહુવા ગામે બસ સ્ટેશન પાસે આવેલ એગ્રો સેન્ટરમાંથી રોકડા ૮૫૦૦૦/ ની ચોરીની જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના ગામ ની એક દુકાનમાંથી રોકડા રૂપિયા ૨૦૦૦૦/ ની ચોરી કરિયાની કબૂલાત આપી હતી. પોલીસ કુલ બે લાખ પાસઠ હજાર રોકડા રૂપિયા ચાર ચોરીના ગુનાનો ભેદ ઉકેલી સફળતા મેળવી છે.

# ગુજરાત પોલીસના એડિશનલ ડી.જી. અભયસિંહ ચુડાસમાએ રાજનીતિમાં આવવા અંગે કોડીનાર જી.આર.સી.એનાં કાર્યક્રમ માં કર્યો મોટો ખુલાસો





## હું નિવૃત્તિ પછી રાજનીતિમાં આવવાનો નથી, રાજનીતિ મારૂ ક્ષેત્ર પણ નથી અને હું આવવાનો પણ નથી : અભયસિંહ ચુડાસમા(એડિશનલ ડી.જી)

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૦

ગુજરાત પોલીસના એડિસનલ ડીજી અભયસિંહ ચુડાસમા રાજનીતિમાં આવવાને લઈ લાગી રહેલી અટકળોને લઈ કોડીનાર ખાતે યોજાયેલ જી.આર.સી.એ નાં કાર્યક્રમમાં કર્યો મોટો ખુલાસો. નિવૃત્તિ પછી અભય ચુડાસમા રાજનીતિમાં આવશે તેવી ચર્ચાઓએ વેગ પકડ્યો હતો ત્યારે અભયસિંહ ચુડાસમા એ કર્યો ખુલાસો. છેલ્લા કેટલાક મહિનાઓ થી એવી અટકળો લાગી રહી હતી કે ગુજરાત પોલીસના એડિશનલ ડી.જી અભયસિંહ ચુડાસમા રાજીનામું આપશે અથવા નિવૃત્તિ બાદ રાજનીતિ માં પ્રવેશ તેવી ચર્ચાઓ રાજ્યભરમાં થઈ રહી હતી. જોકે આ સમગ્ર મામલે અભયસિંહ ચુડાસમાએ મોટો ખુલાસો કર્યો છે, અભય ચૂડાસમાએ કોડીનાર ખાતે જી.આર.સી.એનાં સરસ્વતી સન્માન સમારંભના કાર્યક્રમમાં જાહેર મંચ ઉપરથી ખુલાસો કરતાં કહ્યું કે હું નિવૃત્તિ પછી રાજનીતિમાં આવવાનો નથી, રાજનીતિ મારૂ ક્ષેત્ર પણ નથી અને હું આવવાનો પણ નથી. મારી નોંધ બહુ જ લેવાય છે કાન માંડીને સાંભળતા હશે કે આજે નવું શું બોલશે.

નવું એજ છે કે હું રાજકારણ માં ક્યારેય જવાનો નથી પણ નિવૃત્તિ પછી સમાજના શિક્ષણ માટેનું કામ કરીશ. અમે ટીમ બનાવીશું ગામે ગામ ફરીશું જે વિદ્યાર્થીને જરૂરિયાત હસે તે પૂરી કરીશું. ગીર સોમનાથના કોડીનાર ખાતે રાજપૂત સમાજના જીઆરસીએ(ગુજરાત રાજપૂત કેરિયર એકેડેમી) દ્વારા વિવિધ ક્ષેત્રે પાસ થયેલા તેજસ્વી તારલાઓ અને જી.આર.સી.એમાં દાન કરનાર દાતાઓનો સન્માન કાર્યક્રમ હતો. જેમાં મુખ્ય મહેમાન અભયસીંહ ચુડાસમા હતા આં કાર્યક્રમ દરમ્યાન તેણે મંચ ઉપરથી આં મોટો ખુલાસો કર્યો હતો.

# મંગળવારે દેવદિવાળી તુલસી વિવાહ

કારતક સુદ અગિયારસ ને તારીખ ૧૨ નવેમ્બરને મંગળવા ના દિવસે દેવદિવાળી છે. દેવદિવાળીને પ્રબોધિની એકાદશી પણ કહેવામાં આવે છે. ખાસ કરીને રિવાજ પ્રમાણે સૌરાષ્ટ્રમાં દેવ દિવાળી કારતક સુદ અગિયારસના દિવસે ઉજવવામાં આવે છે તે સિવાય ભારતમાં બીજી બધી જગ્યાએ કારતક સુદ પૂનમના દિવસે દેવ દિવાળી ઉજવવામાં આવે છે. પૌરાણિક કથા પ્રમાણે અષાઢ સુદ એકાદશી એટલે કે દેવપોઢી એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુ એ શંખાસુરને મારી ક્ષીર સાગર મા પોઢી જાય છે. સાડા ચાર માસ પછી વિષ્ણુ ભગવાન પાછા કાર્તિક સુદ એકાદશી એટલે કે દેવ ઉઠી એકાદશીના દિવસે જાગે છે. તે પછી તેમના વિવાહ વૃંદામાંથી તુલસી બનેલ દેવી સાથે થાય છે ત્યાર બાદ ભગવાન વિષ્ણુ વિષ્ણુ લોક મા પાછા જાય છે દેવતાઓ તેમનો દિવડા પ્રગટાવી સ્વાગત કરે છે. આથી આ દિવસને દેવોની દિવાળી એટલે કે દેવ દિવાળી કહેવામાં આવે છે. આમ આ દિવસે તુલસી વિવાહનું મહત્વ છે. દેવદિવાળીના દિવસથી ગંગા નદીનો પ્રવાહ તથા સમુદ્ર શાંત થાય છે એવી માન્યતા છે. આ દિવસે ઉપવાસ કરવાથી એક હજાર અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે તથા સો રાજસૂય યજ્ઞ કર્યાનું ફળ મળે છે તથા બધા જ પાપ નાશ પામે છે

**શેરડીનો માંડવો બનાવવાનું મહત્વ**

દેવદિવાળીના દિવસે ખાસ કરીને તુલસી પૂજાનું તથા શાલિગ્રામની પૂજાનું મહત્ત્વ વધારે છે. સવારના સમયે તુલસીજી સાથે શાલિગ્રામ રાખી તુલસીજીને ચૂંદડી ઓઢાડી પોતાના આંગણા અથવા અગાશી ઉપર રાખવા તેના ઉપર શેરડીના સાંઠાનો માંડવો કરવો, ભગવાનને કુદરતી લીલો મંડપ કરાતો હોવાથી શેરડીનો માંડવો જ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. તે ઉપરાંત શેરડી ધરવામાં આવે છે. શેરડીમાં ગળપણ હોવાથી તુલસી વિવાહ કરવાથી દાંપત્યજીવન મા પણ મીઠાશ આવે છે. અષાઢ સુદ અગિયારસના દિવસથી દેવતાઓ પોઢી જાય છે અને દેવદિવાળીના દિવસથી દેવતાઓ જાગે છે, આથી આ દિવસ બાદ લગ્ન જેવા શુભ પ્રસંગોની શરૂઆત થશે.

**તુલસી વિવાહનું પૂજન**

દેવદિવાળીના દિવસે શાલિગ્રામ ઉપર વિષ્ણુ સહસ્ત્ર નામ બોલતા બોલતા તુલસીપત્ર ચડાવવા ઉત્તમ છે. તુલસીવિવાહ માટે સાંજે પ્રદોષ કાળ શુભ સમય સાંજના ૬.૦૫ થી ૮.૩૬ સુધીનો છે. તુલસી વિવાહ કરવાથી ઘરમાં સુખ-શાંતિમાં વધારો થાય છે અને દાંપત્યજીવનમાં મીઠાશ આવે છે.જે કોઈ લોકોને પોતાની કુંવારી કન્યા મૃત્યુ પામી હોય તો તેની પાછળ પણ તુલસી વિવાહ લોકો કરાવતા હોય છે. દેવદિવાળી ના દિવસે સાંજ ના સમયે તુલસીજી પાસે ચોખ્ખા ઘી નો દીવો કરી તુલસી તથા શાલિગ્રામ નુ પૂજન કરી ૧૦૮ અથવા તો વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ બોલી અને ૧૧ પ્રદક્ષિણા ફરવાથી જીવનની મુસીબતો દૂર થાય છે. દેવદિવાળીમાં ભગવાનનું ખાસ પૂજન કરવામાં આવે છે. દેવતાઓની દિવાળી તરીકે પણ આ તહેવારને ઓળખવામાં આવે છે. શાલિગ્રામ વિષ્ણુ ભગવાનનું સ્વરૂપ છે આથી ભગવાનની પોડશોપચાર પૂજા કરવામાં આવે છે. લોકો ઘણી જગ્યાએ ઘરમા ફ્લેટમા મંદિરમા ધામધૂમ થી કરવામા આવે છે અને લોકો જાનપક્ષ અને કન્યા પક્ષ વાળા બને છે અબીલ ગુલાલ કંકુ ઉડાડી આને ઢોલ બેન્ડ વાજા સાથે ધાર્મિક વિધિ વિધાન સાથે તુલસી વિવાહ કરશે

**- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

### પરિક્રમાર્થીઓ માટે તંત્ર દ્વારા વીજ વ્યવસ્થા

# ગિરનાર લીલી પરિક્રમાના રૂટ ઉપર અજવાળું કરવા ૮ ડીઝલ જનરેટર સેટ મૂકાશે

**નળ પાણીની ઘોડી, માળવેલા જીણાબાવાની મઢી, બોળદેવી મોળા પાણીના પુલ સહિતની ૮ જગ્યાએ જનરેટર મૂકી લાઈટની વ્યવસ્થા કરાશે : રાત્રિના સમયે અવિરત લાઈટ જળવાઈ રહે તે માટે પીજીવીસીએલના કર્મચારી રાઉન્ડ ધી ક્લોક ફરજ બજાવશે : ભવનાથ વિસ્તારમાં પણ અવિરત વીજ પુરવઠો જળવાઈ રહે તે માટેનું તંત્ર દ્વારા આયોજન**

જૂનાગઢ, તા.૧૧

જિલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં ગિરનાર લીલી પરિક્રમામાં પધારતા ભાવિકોને વીજળી, પાણી, આરોગ્ય સહિતની સુવિધાઓ મળી રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા મિશન મોડમાં કામગીરી કરવામાં આવી રહી છે.

ગિરનાર લીલી પરિક્રમામાં પધારતા ભાવિકો માટે પરિક્રમાના રૂટ પર અજવાળું રહે તે માટે ૮ જગ્યાએ ડીઝલ જનરેટરના સેટ મૂકવામાં આવશે. આ માટેની કામગીરી પીજીવીસીએલ તંત્ર દ્વારા પૂર જોશમાં કરવામાં આવી રહી છે.

ગિરનાર પરિક્રમા રૂટ ઉપર જંગલ વિસ્તારમાં પરિક્રમા ગેટથી પ્રથમ ઘોડી, ડંકી-૨, મોળા પાણીના પુલ, ઝીણાબાવાની મઢી, માળવેલા તરફ, નળ પાણીના ટાવર, બોળદેવી ત્રણ રસ્તા, નળ પાણીની જગ્યા, આમ કુલ-૮ જગ્યા ઉપર ડીઝલ જનરેટર સેટ પ્રસ્થાપિત કરીને રાત્રિના સમયે રૂટ ઉપર લાઈટ લગાવી અજવાળું કરવામાં આવશે. પરિક્રમા દરમિયાન જંગલ વિસ્તારમાં જનરેટર સેટ તથા લાઈટ સતત ચાલુ રહે તે માટે પણ પીજીવીસીએલના કર્મચારીઓ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવશે. ભવનાથ ક્ષેત્રમાં પણ સતત વીજ પુરવઠો જાળવી રાખવા માટે રાઉન્ડ ધી ક્લોક એન્જિનિયર સાથે ટેકનિકલ કર્મચારીઓની ટીમ ફરજ બજાવશે.

આકસ્મિક સંજોગોમાં હયાત ફીડરનો વીજ પુરવઠો ખોરવાય તો તેમને અન્ય રોપ વે તથા અરવિંદ ફીડરમાંથી વીજ પુરવઠો આપી શકાય તે માટેની પણ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ઉપરાંત ભવનાથ ક્ષેત્રમાં વીજ પુરવઠો પૂરો પાડતા ઈલેવન કેવી અંબાજી ફીડરનું પણ જરૂરી સમારકામ કરવામાં આવ્યું છે.

# જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પરિક્રમાર્થીઓના આરોગ્યની દરકાર : ૧૦ હંગામી દવાખાના ઉભા કરાયા

**ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન યાત્રાળુઓની આરોગ્ય સુખાકારી માટે ૧૬ મેડિકલ - પેરા મેડિકલ ટીમ સેવારત રહેશે : પરિક્રમા રૂટ ઉપર ૧૨ સહિત કુલ ૧૬ જેટલી એમ્બ્યુલન્સને ડેપ્યુટ કરાશે**

### જીણાબાવાની મઢી, માળવેલાની ઘોડી ઉપરના પોઈન્ટ, શ્રવણની કાવડના નળપાણી વિસ્તાર, નળપાણીની ઘોડી ઉપરના પોઈન્ટ, બોરદેવી સહિતના વિસ્તારમાં હંગામી દવાખાના કાર્યરત કરાયા

જૂનાગઢ, તા.૧૧

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં ગિરનાર લીલી પરિક્રમામાં પધારતા યાત્રાળુઓ માટે આયોજનપૂર્વક જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે, ખાસ કરીને ગિરનાર લીલી પરિક્રમાના ૩૬ કી.મી. લાંબા અને કઠિન ચઢાણ વાળા માર્ગને ધ્યાનમાં રાખીને ભાવિકોને જરૂરી આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે ૧૦ જેટલા હંગામી દવાખાના ઓ શરૂ કરવામાં આવશે. આ સાથે યાત્રાળુઓની આરોગ્ય સુખાકારી માટે ૧૬ મેડિકલ - પેરા મેડિકલ ટીમ પણ સેવારત રહેશે. આ હંગામી દવાખાના જીણાબાવાની મઢી, સરકડિયાના ઘોડી વિસ્તાર, માળવેલા વિસ્તાર, માળવેલાની ઘોડી ઉપરના પોઈન્ટ, શ્રવણની કાવડના નળપાણી વિસ્તાર, નળપાણીની ઘોડી ઉપરના પોઈન્ટ, બોરદેવી વિસ્તાર, બળદેવી મંદિર, ભવનાથ અને ગિરનાર અંબાજીની ટૂંક કાર્યરત રહેશે. ઉપરાંત ભવનાથના નાકોડા ખાતે તાત્કાલિક સારવાર માટે આઈસીયુ પણ કાર્યરત રાખવામાં આવશે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મનોજ સુતરીયાએ જણાવ્યું કે, જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા માર્ગદર્શન હેઠળ ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન યાત્રાળુઓને આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટેનું જરૂરી આયોજન કરવામાં આવ્યું છે. પરિક્રમા રૂટ પર રાવટી નાખીને હંગામી દવાખાનાઓ શરૂ કરવામાં આવશે. આ સાથે આકસ્મિક સંજોગોમાં દર્દીને નજીકના દવાખાના પહોંચાડવા માટે ૧૨ જેટલી એમ્બ્યુલન્સને પરિક્રમા રૂટ ઉપર ડેપ્યુટ કરવામાં આવશે.

ગિરનાર લીલી પરિક્રમામાં યાત્રાળુઓનો ભારે ધસારો રહેતો હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા સરળતાથી મળી રહે તે માટે ભવનાથ, ભેસાણ તાલુકાના માલીડા પાસે, ડેરવાણ વિસ્તાર અને બીલખા પાસેના રામનાથ વિસ્તારમાં ૧૦૮ એમ્બ્યુલન્સને જરૂરી દવા અને સ્ટાફ સાથે તૈનાત રાખવામાં આવશે.

ભવનાથ અને બળદેવી વિસ્તારમાં પેરામેડિકલ સ્ટાફને ક્લોરીનેશન તેમજ સેનિટેશન ની કામગીરી કરવા માટે નિયુક્તિ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગ જૂનાગઢ દ્વારા ૨૪x૭ કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવ્યો છે.

# ગિરનાર લીલી પરિક્રમા રૂટ ઉપર ૨૩ દૂધ- છાસ વિતરણ કેન્દ્રો શરૂ કરાશે

**યાત્રિકોએ દૂધ છાસનો MRP પરિવહન દર પેટે વધારાના રૂા. ૨ કરતા વધારે ચૂકવવા નહીં : યાત્રિકોના હિતમાં તંત્ર દ્વારા દૂધ- છાસના ભાવ જાહેર કરાયા**

જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગિરનાર લીલી પરિક્રમામાં આવતા યાત્રિકો માટે પરિક્રમા રૂટ પર ૨૩ જેટલા દૂધ છાસ વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવશે. વહીવટી તંત્ર દ્વારા યાત્રિકોના હિતમાં દૂધ- છાશના ભાવ પણ નક્કી કરી દેવામાં આવ્યા છે.

યાત્રિકોએ દૂધ-છાસનો એમઆરપી પરિવહન દર પેટે વધારાના રૂા. ૨ વધારે ચૂકવવાના રહેશે. આમ, અભયારણ્ય વિસ્તારમાં યાત્રિકોએ નિયત કરાયેલા એમઆરપી પરિવહન દર પેટેની જ દૂધ છાસની કિંમત ચૂકવવાની રહેશે. ઉપરાંત પરિક્રમા દરમિયાન એલપીજી કોમર્શિયલ ગેસ સિલિન્ડર ઓઈલ માર્કેટિંગ કંપનીના નિયત બિલમાં દર્શાવેલ એમઆરપી મુજબ જ મળશે.

અમૂલ ડેરી દ્વારા બોરદેવીના બાવળઘાટ, બોરદેવીના પટમાં, ખોડીયાર રાસ મંડળની નજીક, બોરદેવી ત્રણ રસ્તા, નાગદેવતાના સ્થાનક પાસે, નળ પાણીની જગ્યા, ઝીણા બાવાની મઢી વિસ્તારમાં કાળકાના વડલા નીચે, મઢી વોચ ટાવરથી જીણાબાવાની મઢીના રસ્તા તરફ (સંભવિત) અને સંભવિત રીતે સરકડીયા હનુમાન મંદિર પાસે અને હથેળી પોઈન્ટ ખાતે દૂધ તથા છાસ ટેટ્રા પેકમાં મળી રહેશે.

માહી ડેરી દ્વારા બોરદેવી ત્રણ રસ્તા થાણાની બાજુમાં, નળપાણીની જગ્યા બોરદેવી, ખોડીયાર રાસ મંડળ ઉતારાની સામે બોરદેવી રસ્તે, નાગનું સ્થાનક શાકડી આંબલી, ઝીણા બાવાની મઢી વિસ્તારમાં નળપાણીના કોઝવે પાસે મઢી ચાર રસ્તા, મઢી ચાર રસ્તા વોચ ટાવર પાસે, કાળકાના વડલાની નીચે ફોરેસ્ટ રાઉટીની બાજુમાં અને કાળકાના વડલાની પાસે ઉપરાંત સરકડીયા હનુમાન મંદિરની આગળના ભાગમાં અને પાછળના ભાગમાં ઉપરાંત સુખનાડા ખાતે ૫૦૦ એમ.એલ દૂધ લુઝ રૂા.૨૭ ૨ (પરિવહન દર) ભાવે વેચાણ કરવામાં આવશે. ૫૦૦ એમ.એલ છાસ લુઝ રૂા. ૧૬ ૨ (પરિવહન દર) વેચાણ કરવામાં આવશે.

અભય ડેરી દ્વારા સરખડીયા હનુમાન મંદિર ઝીણા બાવાની મઢી અને બોરદેવી ખાતે ૧ લીટર દૂધ રૂા. ૬૫ ૨ (પરિવહન દર) વેચાણ કરવામાં આવશે. ૧ કિલોગ્રામનું ઘોરવું પણ રૂા. ૬૫ ૨ (પરિવહન દર) વેચાણ કરવામાં આવશે. આ સિવાય પરિક્રમાનના તમામ સ્થળોએ એમઆરપી મુજબ દૂધનું વિતરણ કરવાનું રહેશે.

## ગિરનાર લીલી પરિક્રમા આવતા ભાવિકોના હિતમાં તંત્ર દ્વારા રીક્ષા ભાડાના દર જાહેર કરાયા

જૂનાગઢ, તા.૧૧

ગિરનાર લીલી પરિક્રમામાં આવતા યાત્રાળુઓના હિતમાં વહીવટી તંત્ર દ્વારા રિક્ષા ભાડાના જાહેર કરવામાં આવ્યા છે. રીક્ષા ભાડાના જાહેર કરાયેલા દર મુજબ ૩ પેસેન્જરોનું સંયુક્ત ભાડુ જાહેર કરવામાં આવ્યું છે. યાત્રિકોને ભવનાથમાં જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ સામે રીક્ષા સ્ટેન્ડ સુધી પહોંચવા માટે એસ.ટી. ડેપોથી રૂા. ૭૭, રેલવે સ્ટેશનથી ૮૫, મજેવડી દરવાજાથી ૭૧, કાળવા ચોકથી ૬૭, દિવાન ચોકથી ૫૯, ઉપરકોટ અને નીચલા દાતારથી ૬૧, સક્કરબાગથી ૮૩, રામનિવાસથી ૮૫, મોતીબાગથી ૯૧, મધુરમ-ટીંબાવાડીથી ૧૩૬ રીક્ષા ભાડું નક્કી કરવામાં આવ્યું છે. આ નક્કી કરાયેલું રીક્ષા ભાડું ૩ પેસેન્જરોનું સંયુક્ત ભાડું છે. તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, જૂનાગઢની યાદીમાં જણાવાયું છે.

# પ્લાસ્ટિકનું દાયકાઓ સુધી વિઘટન થતું નથી, વન્યસૃષ્ટિને અસર કરવાની સાથે જમીનની ફળદ્રુપતા ઘટાડે છે

**ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન જંગલ અને વન્ય સૃષ્ટિના જતન માટે પ્લાસ્ટિકના ઉપયોગ માટે ન કરવો**

**ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી હેઠળના સેન્ટર ઓફ એક્સેલન્સ, વાઈલ્ડ લાઈફના ડાયરેક્ટર નિશીથ ધારૈયા પ્રકૃતિના જતન માટે પ્લાસ્ટિકના ઉપયોગને કહે છે ' ના ' : પીએચડી કરી રહેલી વિદ્યાર્થીની ભાગ્યશ્રી ડાંગર કહે છે, પ્લાસ્ટિક વનસ્પતિના વિકાસમાં અવરોધરૂપ**





જૂનાગઢ, તા.૧૧

પ્લાસ્ટિકનું દાયકાઓ સુધી વિઘટન થતું નથી, વન્યસૃષ્ટિને અસર કરવાની સાથે જમીનની ફળદ્રુપતા ઘટાડે છે. તેમ જણાવતા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી હેઠળના સેન્ટર ઓફ એક્સેલન્સ-વાઈલ્ડ લાઈફના ડાયરેક્ટર શ્રી નિશીથ ધારૈયાએ ખાસ ગિરનાર લીલી પરિક્રમામાં પધારતા ભાવિકોને પ્લાસ્ટિકના ઉપયોગ અને સાથે લાવવા માટે 'ના' કહી છે.

આ સંદર્ભે તેમણે વધુ જાણકારી આપતા કહ્યું કે, ગિરનારની પવિત્રતા જળવાઈ તે આપણી સૌનું પરમ કર્તવ્ય છે, શ્રદ્ધાની સાથે પર્યાવરણ માટે પણ ફરજ નિભાવીએ. ખાસ કરીને ગિરનારી મહારાજને દેવ માની પૂજા કરતા હોય ત્યારે આપણે હિમાલયથી પણ જુના ગિરનારના જતન સંવર્ધનની આપણી નૈતિક જવાબદારી છે. તેમણે ઉમેર્યું કે, પ્રકૃતિ પર્યાવરણ માટે પ્લાસ્ટિક કેટલું નુકસાનકારક છે તે સર્વવિદિત છે, ત્યારે ખાસ ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન ખરૂ જ પણ રોજબરોજના જીવનમાં પણ પ્લાસ્ટિકના વિકલ્પનો વિચાર કરવો પડે. ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન જરૂરી સામાન ભરવા માટે કાપડની થેલી અને પીવાના પાણી માટે કાચ કે સ્ટીલના ઉપયોગ કરવો જ વિતાવહ રહે છે. તેમણે ગીરનાર લીલી પરિક્રમામાં પધારતા યાત્રિકોને કચરો પણ જ્યાં ત્યાં ન ફેકવાનો અનુરોધ કરતા, કચરાનો યોગ્ય નિકાલ થાય તેની તકેદારી લેવા પણ અપીલ કરી હતી.

ગિરનારને સ્વચ્છ અને સુંદર રાખવા માટે વહીવટી તંત્ર, વન વિભાગ અને સેવાભાવી સંસ્થાઓ કામ તો કરે જ છે, પરંતુ આપણે પણ તેમાં સહભાગી બની, સહયોગ આપવો જ રહ્યો. તેમ ધારૈયાએ જણાવ્યું હતું.

વાઈલ્ડ લાઈફ સેન્ટર ખાતે દ્વિઅંગી વનસ્પતિ પર પીએચડી કરી રહેલી ભાગ્ય ડાંગર પણ કહે છે કે, સંશોધન અર્થે અવારનવાર ગિરનાર અભયારણ્યની મુલાકાત લેવાની થતી હોય છે. ત્યારે અવલોકનમાં સામે આવ્યું છે, પ્લાસ્ટિક વનસ્પતિના વિકાસમાં અવરોધરૂપ છે. તેમણે ખાસ પ્લાસ્ટિકના નાના નાના ટુકડાઓ પણ જંગલમાં ન રહે તેની તકેદારી રાખવા જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, સેન્ટર ઓફ એક્સેલન્સ- વાઈલ્ડ લાઈફ દ્વારા ગિરનાર ઉપરાંત સમગ્ર ગુજરાતમાં વન્ય સૃષ્ટિનું સંરક્ષણ કેવી રીતે થઈ શકે. તેના માટે સંશોધન કાર્ય કરવામાં આવી રહ્યું છે.

- આલેખન : રોહિત ઉસદડ

# દ્વારકામાં જલારામ જયંતિની ભવ્ય ઉજવણી

**અભિષેક પૂજા, ધ્વજારોહણ, અન્નકુટ દર્શન, શોભાયાત્રા, સમુહપ્રસાદી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા**







(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૧

શ્રી જલારામ સેવા સમિતિ દ્વારકા તેમજ સમસ્ત રઘુવંશી પરિવાર દ્વારા પૂજ્ય શ્રી જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતિ ભકિતભાવપૂર્વક ઉજવાઈ ગયેલ. આ પ્રસંગે દ્વારકાધીશ સોસાયટીમાં આવેલા શ્રી જલારામ મંદિરે સવારે અભિષેક પુજા, ધ્વજારોહણ, બપોરે અન્નકુટ દર્શન, સાંજે મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાયા હતા. બાદમાં જલારામબાપાની શોભાયાત્રા શ્રી લોહાણા મહાજન વાડીએ થી પ્રસ્થાન કરી દ્વારકાના વિવિધ માર્ગો પર ફરી મહાજનવાડીએ પરત ફરેલ.જેમાં બહોળી સંખ્યામાં રઘુવંશીઓ જોડાયા હતા. આ પ્રસંગે યોજાયેલા રકતદાન કેમ્પમાં મોટા પ્રમાણમાં રકતદાતાઓએ સ્વૈચ્છીક રકતદાન કરેલ. અંતમાં રઘુવંશી ભાઈ-બહેનો માટે લોહાણા મહાજનવાડીમાં સમુહ મહાપ્રસાદી (નાત) યોજાયેલ. જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધેલ. આમ જલારામ જયંતિ મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયેલ. સમગ્ર ધર્મોત્સવને સફળ બનાવવા માટે રઘુવંશી આગેવાનો તથા યુવાનોએ જહેમત ઉઠાવેલ હતી.

દ્વારકાના જલારામ મંદિરે જલારામ બાપાની કલાત્મક રંગોળી જલારામ જયંતિના પાવન અવસરે દ્વારકાના જલારામ મંદિરે સંત શિરોમણિ શ્રીજલારામ બાપાની કલાત્મક રંગોળી સ્થાનીય ભાવિકો દ્વારા કરવામાં આવી હતી. જલારામ બાપાના અન્નકૂટ મનોરથ સહિતના દર્શનોની સાથે બહોળી સંખ્યામાં રઘુવંશી પરિવારોએ રંગોળીને તાદશ નિહાળી હતી.

# ખંભાળિયા : વળતર ચુકવણી ટાળવા માટે બે શખ્સોએ કોર્ટમાં બનાવટી દસ્તાવેજો રજૂ કર્યા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૧

ખંભાળિયાની અદાલતમાં ચાલી રહેલી કોર્ટ કાર્યવાહીમાં અકસ્માત વળતર સંદર્ભેના કેસમાં બે શખ્સોએ કાવતરું રચીને બનાવટી રસીદ રજૂ કરતા અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયાની જિલ્લા મુખ્ય ન્યાયાલય કચેરીમાં જિલ્લા રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા પ્રવિણકુમાર મોહનલાલ પાનસુરીયા (ઉ.વ. ૫૭) એ હાલ બોટાદના અને મૂળ ભાવનગર જિલ્લાના ગઢડા (સ્વામી.) તાલુકાના રહીશ યોગાનંદ સ્વામી સેવા સમાજ ટ્રસ્ટ અને જામનગરમાં મયુરનગરના રહીશ ખીમાણંદ આરસી લગારીયા સામે નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે ઉપરોક્ત બંને આસામીઓએ ખંભાળિયાની અદાલતમાં ચાલી રહેલા ક્લેમ કેસમાં વિવિધ પ્રકારના બનાવટી અને ખોટો દસ્તાવેજ (વીમો ભર્યાની નાણાંની રસીદ) રજૂ કરી હતી. આ રીતે ભારતીય ન્યાય સંહિતામાં શિક્ષાપાત્ર એવા આ પ્રકરણમાં ઉપરોક્ત બંને આસામીઓએ આ બનાવટી દસ્તાવેજનો ઉપયોગ પોતાની વળતર ચૂકવવાની જવાબદારી ટાળવા અને વીમા કંપનીની જવાબદારી બને અને મોટર એકસીડન્ટ ક્લેમ ટ્રીબ્યુનલ સાથે ઠગાઈ કરવા માટે બનાવટી ઉભો કર્યો હતો. આ સમગ્ર પ્રકરણ તપાસમાં ખુલતા વિવિધ પ્રકારના આધાર પુરાવાઓ સાથે ખંભાળિયા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે. જે અંગે પોલીસે ધોરણસર ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. આર.આર. ઝરૂ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં આયુષ્માન આરોગ્ય શિબિર યોજાઈજ









(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા, તા.૧૧

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી મિતેષ ભંડેરીના માર્ગદર્શન તેમજ જિલ્લા એન.સી.ડી ટીમના દેખરેખ હેઠળ વિવિધ આયુષ્માન મંદિર ખાતે આયુષ્માન આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આરોગ્ય શિબિરમાં નાગરિકોને બિનચેપી રોગો વિશે માહિતી તથા ૩૦ વર્ષથી વધુ વયના નાગરિકોનું પ્રાથમિક સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. ઉપરાંત આભા કાર્ડ તથા પી.એમ.જે.વાય કાર્ડ કઢાવવા અને તેની ઉપયોગીતા અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ કિશોરીઓને માસિક સ્વચ્છતા અંગે જાણકારી આપી ફોલિક એસિડ ટેબ્લેટ આપવામાં આવી હતી. તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા નાગરિકોને સરકારની આરોગ્યલક્ષી યોજનાઓનો મહત્તમ લાભ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

### રહેવા-જમવાની સુવિધા આપવાના નામે છેતરપિંડી

# સોમનાથ મંદિર ટ્રસ્ટની ફેક વેબસાઈટ થકી ૨૫૦થી વધુ ભાવિકો સાથે ઠગાઈ

**છેલ્લા દોઢ વર્ષમાં આવા ૨૨ જેટલા બનાવોની ફરિયાદો નોંધાઈ છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ,તા.૧૧

સોમનાથ મંદિર ટ્રસ્ટની ફેક વેબસાઈટ દ્વારા અત્યા સુધીમાં ૨૫૦ લાકો સાથે રહેવા-જમવાની સુવિધા આપવાના નામે છેતરપિંડી થઈ છે. સોમનાથ આવતા યાત્રિકો પોતાના પરિવારજનો માટે ઓનલાઈન બુકિંગ કરાવતા હોય છે. આનો લાભ લઈ કેટલાક લોકો સોમનાથના નામે ફેક વેબસાઈટ બનાવી છે અને યાત્રિકો સાથે છેતરપિંડી કરી રહ્યા છે. આવા ઠગો યાત્રિકોને રહેવા-જમવા સહિતની સુવિધાઓ પોતે અપાવી દેશે તેમ કહી પૈસા પડાવી લે છે અને પછી ફરાર થઈ જાય છે. છેલ્લા દોઢ વર્ષમાં આવા ૨૨ જેટલા બનાવોની ફરિયાદો નોંધાઈ છે.

૨૦૨૨માં આગળના અન્ય બનાવો સહિતની ફરિયાદ સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ અગાઉ પણ ફરિયાદ આપેલી હતી. આમ છતાં પોલીસ વિભાગની અપીલ છે કે સોમનાથ ટ્રસ્ટની ઓફિસિયલ વેબસાઈટ (સોમનાથ ડોટ ઓઆરજી) પરથી જ લોકોએ પોતાનું બુકિંગ કરાવવું જરૂરી છે. આવા બનાવવામાં સાવતચેતી જ સલામતી છે.સોમનાથ ટ્રસ્ટ દ્વારા પણ આવા ૨૫૦ થી વધુ બનાવો બન્યા હોવાનું કહેવાયું છે. આવા બનાવમાં રૂપિયા ૮૦ હજારથી વધારે ચીટીંગ થયા હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# હિંદુઓ પરના ટાર્ગેટેડ હુમલાનો જવાબ કોણ આપશે?

હવે કેનેડા પણ પાકિસ્તાન-બાંગ્લાદેશના રસ્તે ચાલી નીકળ્યું છે. ત્યાંના હિંદુ મંદિર પર પણ ખાલિસ્તાનીઓએ હુમલો કર્યો છે. દુનિયાના કેટલાય ઈસ્લામિક અને ઈસાઈ દેશોમાં આવી ઘટનાઓ બનતી રહે છે. ખુદ ભારતનાં જ કેટલાંય રાજ્યોમાં આવી શરમજનક ઘટનાઓ હિંદુ તહેવારો સમયે જોવા મળતી રહે છે. એટલે યક્ષ પ્રશ્ન છે કે હિંદુઓને ટારગેટ કરીને કરાતા હુમલાનો જવાબ આખરે આપશે કોણ? કારણ કે ભારત સરકાર, ભારતીય સંસદ અને ભારતીય સુપ્રીમ કોર્ટ તો ધર્મનિરપેક્ષ છે! કડવું સત્ય તો એ છે ધર્મનિરપેક્ષતા હવે હિંદુ વિરોધી અને અલ્પસંખ્યક સમર્થક થઈ ગઈ છે.

ભારત અને હિંદુઓને તેમની ધર્મનિરપેક્ષ માનસિકતાનો માર વધારે પડી રહ્યો છે, જેને આપણા પર થોપવામાં આવી છે. આ જ કારણ છે કે હિંદુત્વની રક્ષા અને વિસ્તાર માટે આપણી પાસે એ રણનીતિ નથી, જે ઈસાઈ કે ઈસ્લામિક દેશો પાસે તેમના ધર્મના વિસ્તાર માટે છે! બધા હિંદુઓ માટે આ વિચારણીય પ્રશ્ન છે. કેનેડામાં જે રીતે હિંદુવિરોધી હુમલા થયા, મંદિર પર હુમલા થયા, સ્થાનિક પોલીસની ચૂપકિદી અને માત્ર ખાનાપૂર્તિ જોવા મળી, તેનાથી ત્યાંની ભારત વિરોધી ટ્રુડો સરકાર ફરી એક વખત સવાલોના દાયરામાં આવી ગઈ છે. ભલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટનાની નિંદા કરી અને દોષીઓ વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરી, તે અપૂરતી જ છે. ભલે કેનેડાના વડાપ્રધાન ટ્રુડોએ પણ આ ઘટનાને અસ્વીકાર્ય ગણાવી હોય, પરંતુ તેની મિલીભગતનો ઈનકાર ન જ કરી શકાય. હાલના દિવસોની ભારતીય-કેનેડિયન ટીકા-ટિપ્પણી પણ આ વાતની ચાડી ખાય છે. ખાલિસ્તાની સમર્થકોના હુમલાના કેટલાય વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. તેનાથી ભારત અને કેનેડા વચ્ચે તનાતની વધી રહી છે. હાલના મહિનામાં વડાપ્રધાન મોદીનું કેનેડા પરનું નિવેદન બીજું ઉદાહરણ છે, જ્યારે તેમણે ભારતની બહાર હિંદુઓ પર થયેલા હુમલાનો મુદ્દો ઉઠાવ્યો છે. આ વર્ષે ઓગસ્ટમાં તેમણે બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મોહંમદ યુનુસ સમક્ષ પડોશી દેશમાં સત્તા પરિવર્તન બાદ હિંદુઓ અને અન્ય અલ્પસંખ્યકોને નિશાનો બનાવવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

ભારતના વિદેશ મંત્રાલયે પણ તાજી ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે અને કેનેડા સરકારને તમામ ધાર્મિક સ્થળોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનું કહ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવકતાએ કહ્યું કે અમે ઓંટારિયો અને બ્રેમ્પ્ટનમાં કટ્ટરપંથીઓ અને અલગતાવાદીઓ દ્વારા કરવામાં આવેલ હિંસાની ઘટનાઓની નિંદા કરીએ છીએ. આશા રાખીએ છીએ કે હિંસામાં સામેલ લોકો પર કેસ ચલાવવામાં આવે. જ્યારે ખાલિસ્તાની સમર્થકોના હુમલા વચ્ચે એક બીજો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો તેમાં કેનેડાની પોલીસનો પાશવી ચહેરો જોવા મલ્યો. પોલીસને એક હિંદુ યુવકને પકડીને ગળા પર પગ મૂકીને હાથકડી લગાવતાં જોવામાં આવી, જેની તુલના લોકોએ અમેરિકામાં જ્યોર્જ ફ્લોઈડની ઘટના સાથે કરી.

કેનેડામાં મંદિર પર હુમલા બાદ હિંદુઓનો પણ ગુસ્સો ફૂટ્યો છે. તેમણે પણ તિરંગો લહેરાવતાં પ્રદર્શન કર્યાં. વિદેશ મંત્રી જયશંકરે પણ કેનેડાને ખૂબ સંભળાવ્યું. કેનેડામાં થયેલા ખાલિસ્તાની હુમલાએ ફરી એક વખત હિંદુઓને એકજુટ કર્યા છે. ૩ નવેમ્બરે હુમલા બાદ ૪ નવેમ્બરની સાંજે બ્રેમ્પ્ટનમાં હિંદુ સભા મંદિર બહાર ભારે ભીડ એકઠી થઈ. રેલીમાં સામેલ લોકોના હાથમાં ભારતીય તિરંગો હતો. 'વંદે માતરમ' અને 'જય શ્રી રામ'ના નારા લગાવતાં ભીડે મંદિર તથા હિંદુઓ સાથે એકજુટતા દેખાડી. ભીડે જસ્ટિન ટ્રુડો સરકાર વિરુદ્ધ નારેબાજી કરી. પ્રદર્શનમાં સામેલ લોકોએ ન્યાયની માંગ કરી.

ઉલ્લેખનીય છે કે બ્રેમ્પ્ટનમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસના અધિકારીઓની મંદિર યાત્રા દરમ્યાન હિંસક અથડામણોના એક દિવસ બાદ આ હુમલો કરવામાં આવ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એટલે જ તેને 'જાણીજોઈને કરાયેલો હુમલો' ગણાવ્યો. પોલીસે આ હુમલા સાથે સંકળાયેલા ત્રણેક શંકાસ્પદની ઓળખ કરી છે. દુઃખદ તો એ છે કે પીલ પોલીસનો ઓફ ડ્યુટી અધિકારી ખાલિસ્તાની સમર્થકોની રેલીમાં ભાગ લઈ રહ્યો હતો. તેને તપાસ પૂરી થતાં સુધી બરતરફ કરી દેવાયો છે.

કેનેડાના એક પૂર્વ મંત્રીએ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને 'સામાજિક અને રાજકીય રૂપે મૂર્ખ વ્યક્તિ' ગણાવી દીધો અને કહ્યું કે ટ્રુડો ક્યારેય સમજી ન શક્યો કે મોટાભાગના શીખ ધર્મનિરપેક્ષ હોય છે અને તેઓને ખાલિસ્તાન સાથે કોઈ લેવાદેવા નથી હોતી. એ ટ્રુડોની ખોટી નીતિઓનું જ પરિણામ છે કે આજે કેનેડાના લોકો ખાલિસ્તાનીઓ અને શીખોને એક માને છે.

કેનેડાની ઘટનાથી યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના એ દૃષ્ટિકોણને બળ મળે છે કે 'બટેંગે તો કટેંગે'. એટલે જ હવે બાંગ્લાદેશથી કેનેડા સુધી તેમનો આ નારો ગુંજવા લાગ્યો છે. કહેવાય પણ છે કે 'વૃથા ન જાયે દેવ ઋષિ વાણી', એટલે કે દેવતાઓ અને સાધુ-સંતોના મુખેથી નીકળેલી વાણી ક્યારેય વ્યર્થ નથી હોતી. એટલે જ્યારે તેમની વાત હવે સાચી લાગવા માંડી છે તો તેનાથી બચાવ માટે વિશ્વવ્યાપી રણનીતિ બનાવવાની જવાબદારી પણ તેમના જેવા આગળનું વિચારના લોકો પર છે. એટલે કેનેડાની ઘટનાને સંકેત સમજીને આગળની રણનીતિ બનાવવી જોઈએ.

# તા. ૧૬મીથી ૧૮ નવેમ્બર સવાર સુધી આકાશમાં લીઓનીડસ ઉલ્કાવર્ષાનો અદ્દભુત અવકાશી નજારો

**મધ્યરાત્રિ બાદ આકાશમાં લીઓનીડસ ઉલ્કા વર્ષાનો અદ્દભુત નજારો : દુનિયાભરમાં લીઓનીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો નિહાળવા જાથાની અપીલ : વિશ્વમાં આજથી ૩૦ નવે. સુધી સ્પષ્ટ ઉલ્કાવર્ષાનો અદ્દભુત નજારો : મધ્યરાત્રિ બાદ પરોઢે નિહાળવાનો શ્રેષ્ઠ સમય : તા. ૧૬ મી થી તા. ૧૮ મી નવેમ્બર વહેલી પરોઢ સુધીમાં ઉલ્કા વર્ષા**



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૧

દુનિયાભરના લોકોએ ઓકટોબરમાં ડેક્રોનીકસ અને ઓરીયોનીડસ ઉલ્કાવર્ષાની આતશબાજી તથા તા.૧-૨ નવેમ્બરે ટોરીડસ ઉલ્કા વર્ષા નિહાળી હતી. બીજા તબક્કામાં વિશ્વના લોકો મધ્યરાત્રિ બાદથી ૩૦ નવેમ્બર દરમ્યાન લીઓનીડસ ઉલ્કાવર્ષાનો સ્પષ્ટ અવકાશી નજારો નિહાળવા થનગની રહ્યાં છે. તા. ૧૬ થી તા. ૧૮ મી નવેમ્બર વહેલી પરોઢ સુધીમાં ઉલ્કા વર્ષા મહત્તમ જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખી તૈયારી આરંભી દીધી છે. ત્યારે રાજયના વિજ્ઞાનપ્રેમીઓને અવકાશી ઉલ્કાવર્ષાનો અદ્દભુત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાએ અપીલ કરી છે. રાજયભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે જાથાએ ખાસ આયોજન કર્યુ છે. 'જાથા' ના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે નવેમ્બરના પ્રારંભથી તા. ૩૦ દરમ્યાન સિંહ રાશિની લીઓનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદ્દભૂત જોવા મળે છે. દેશ-વિદેશમાં કલાકથી ૧૦ થી ૧૫ અને વધુમાં વધુ ૧૦૦ (એકસો) ઉલ્કા વર્ષા અવકાશમાં જોવા મળે છે. ત્રણ દિવસ અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળશે. સિંહની ઉલ્કાવર્ષાને ધૂમકેતુ ટેમ્પલ સાથે જોડવામાં આવે છે. ઉલ્કાઓનું કેન્દ્રબિંદુ સિંહરાશિમાં હોવાથી તેને સિંહની ઉલ્કાવર્ષા કહેવામાં આવે છે. ઉત્તરીય અને દક્ષિણ ગોળાર્ધ બંનેમાં દ્રશ્યમાન જોવા મળશે. વધુમાં પંડયા જણાવે છે કે લીઓનીડસ ઉલ્કાવર્ષાનો વરસાદની મહત્તમ તારીખ ૧૬/૧૭/૧૮ નવેમ્બર મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢ સુધી અવકાશમાં જોવા મળશે. ખગોળપ્રેમીઓ ત્રણ દિવસ રાત્રિના ઉલ્કાવર્ષા જોઈ શકશે. આ અદ્દભુત જોવાનો લ્હાવો છે. નરી આંખે નર્જનિ જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૧૫ વખત ઉલ્કાવર્ષા અવકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી ઉપર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહતમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. જાથાના પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નર્જનિ જગ્યાને પસંદ કરી ચાર-પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડીઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે. જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ-સૂર્યપ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. લીઓનીડસ ઉલ્કા વર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસરનો વરસાદ પડશે. જાથા ઉલ્કાવર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે. જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં આયોજન ગોઠવ્યું છે તેમાં રાજકોટ, અમરેલી, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ-ભુજ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ધાનેરા, ડીસા, હિંમતનગર, ગાંધીધામ, માંડવી, અંજાર, મોરબી, પાવાગઢ, ગોધરા વિગેરે નાના-મોટા નગરોમાં એક કે બે દિવસીય મધ્યરાત્રિ-પરોઢે વ્યવસ્થાની આખરી ઓપની તૈયારી આરંભી છે. લીઓનીડસ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળવાની તૈયારીમાં જાથાના અંકલેશ ગોહિલ, રાજુ યાદવ, દિનેશ હુંબલ, હરેશ ભટ્ટ, નર્ભયિ જોશી, પ્રકાશ મનસુખભાઈ, રવિ પરબતાણી, નર્મળિ મેત્રા, ભોજાભાઈ ટોયટા, હર્ષાબેન પંડયા એડવોકેટ, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભાનુબેન ગોહિલ સહિત અનેક સદસ્યો આ અભિયાનમાં જોડાયા છે. રાજયમાં ઉલ્કાવર્ષા સંબંધી વિશેષ માહિતી મોબાઈલ : ૯૮૨૫૨ ૧૬૬૮૯ તથા ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# આવતીકાલ મંગળવારે રાજકોટ જીવનનગરમાં તુલશી વિવાહ ધામધૂમથી ઉજવાશે

**તા.૧૧મી સોમવારે સાંજે મંડપારોપણ અને સાંજીના ગીતોનું આયોજન : ભેટ-સોગાદો, ચીજવસ્તુ, શ્રૃંગાર જરૂરિયાતમંદને અપાશે : ઠાકોરજીના લગ્ન સમારોહ માટે જબરો ઉત્સાહ**



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૧

જીવનનગર વિકાસ સમિતિ, મહાદેવધામ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા સત્સંગ મંડળના સંયુક્ત ઉપક્રમે મંગળવાર તા. ૧૨ મી નવેમ્બરે મહાદેવધામમાં સાંજે ૪ કલાકે ઠાકોરજીના લગ્ન સમારોહ ધામધૂમથી ઉજવાશે. લગ્નમાં આવેલી ભેટ-સોગાદો, શ્રૃંગાર, ચીજ-વસ્તુ, પ્રતિ વર્ષની જેમ જરૂરિયાતમંદ પરિવારોને આપવામાં આવશે. ઠાકોરજીના લગ્નવિધિ, તુલસી વૃંદાના પક્ષે શ્રધ્ધાળુ પરિવારે જવાબદારી લીધી છે. તુલશી વિવાહમાં અંજલિબેન રૂપાણી, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર, શહેર ભાજપ પુર્વ ઉપપ્રમુખ પરેશભાઈ હુંબલ, નગરસેવકો ડો. રાજેશ્રીબેન ડોડીયા, જયોત્સનાબેન ટીલાળા, ચેતનભાઈ સુરેજા, નિરૂભા વાઘેલા, વોર્ડના પ્રભારી રઘુભાઈ ધોળકીયા, પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી રત્નદિપસિંહ જાડેજા, મેહુલભાઈ નથવાણી હોદ્દેદારો હાજરી આપવાના છે. મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ અને વિનોદરાય ભટ્ટ વ્યવસ્થાની જવાબદારીમાં હોય જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવપરા, અમી પાર્ક, તિરૂપતિનગર, બ્રહ્મસમાજ, શિવપરા, રાવલનગર, આસપાસના રહીશો તુલશી વિવાહમાં ભાગ લેવાના છે. ઠાકોરજીના લગ્ન હોય રહીશોએ પોતાનું યોગદાન જાહેરાત કરતાં સમીયાણો ઉભો કરવામાં આવ્યો છે. ભગવાનના લગ્ન સમારોહમાં વર-કન્યા પક્ષે દક્ષાબેન દિનેશભાઈ ખાખી, કિર્તીબેન સંજયભાઈ કરગથરા, મનુબેન મોતીભાઈ ઝાપડા, કંકુબેન મેરાભાઈ પરમાર, પ્રસન્નબા નર્મળિસિંહ વાળા પુજામાં બેસવાના છે. સમિતિના વિનોદરાય ભટ્ટ તથા સુનિતાબેન વ્યાસએ જણાવ્યું કે સોમવાર સાંજે ૪ કલાકે મંદિરના પટાંગણમાં મંડપારોપણ અને સાંજીના ગીતોનું આયોજન ઉપરાંત મંગળવારે સાંજે ૪ કલાકે ઠાકોરજીનું સામૈયું યજમાનના ઘરેથી નીકળશે. માર્ગો ઉપર પુષ્પવૃષ્ટિ સાથે લગ્નમંડપમાં કન્યા પક્ષ પરિવાર જાનૈયાઓનું સ્વાગત કરશે. તુલશી વિવાહ સમારોહ જીવનનગર શેરી નં. ૪, બ્રહ્મસમાજ સામે, રૈયા રોડ, મહાદેવધામમાં સાંજે ૪ થી રાત્રીના ૭ સુધી ધાર્મિક કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા છે. મહિલા મંડળે તમામ તૈયારી પુરી કરી લીધી છે. મહિલા મંડળના ભારતીબેન રાવલ, શોભનાબેન ભાણવડિયા, અલ્કાબેન પંડયા, યોગીતાબેન જોબનપુત્રા, ભારતીબેન ગંગદેવ, આશાબેન મજેઠીયા, સુનિતાબેન વ્યાસ, હર્ષાબેન પંડયા, ભક્તિબેન ખખ્ખર, રહીશોએ લગ્ન સમારોહની જવાબદારી લીધી છે. સમિતિના પ્રમુખ અને એડવોકેટ જયંતભાઈ પંડયાની રાહબર નીચે તમામ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. અંતમાં મંગળવાર સાંજે ૪ કલાકે મહાદેવધામમાં ધર્મપ્રમી જનતાને હાજરી આપવા વ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસે અનુરોધ કર્યો છે તેમ યાદીમાં જણાવાયું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અધિક ધનથી માણસમાં આળસ વધે છે...

- ઋગ્વેદ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક સુદ-૧૦ ભીષ્મ પંચક વ્રતારંભ, પંચક તા.૧૧ નવેમ્બર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૮, શત્તતારકા નક્ષત્ર, વ્યાઘાત યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૦૩, સૂ.અ.૬:૦૭

આજનો દિવસ સવારે ૯:૩૯ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), રાત્રે ૨:૨૧ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૧૧-૧૧-૨૦૨૪ થી ૧૭-૧૧-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

સપ્તાહ દરમિયાન કાર્યબોજ વિશેષ રહે. જોખમી અને સાહસભર્યા કાર્યોમાં સાવધાની રાખવી. માનસિક ત્રાસ અનુભવાય. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે. માનસિક સંયમ કેળવવા તેમજ લાગણી પર કાબુ રાખવો હિતાવહ. નાણાંકીય દ્રષ્ટિએ સાનુકૂળ સમય છે. હાથ ધરેલી કામગીરીમાં ઝડપથી સફળતા પ્રાપ્ત થાય. વિદ્યા-અભ્યાસને લગતા કાર્યમાં પણ સફળતા પ્રાપ્ત મળે. વ્યર્થ ક્રોધ ન થાય તેની તકેદારી રાખવી, નહિંતર અગત્યના સંબંધો તુટી જાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન સ્થાન પરિવર્તનના યોગ છે. કૌટુંબિક મિલ્કતના પ્રશ્નોનો ઉકેલ આવે. અલબત્ત આરોગ્યની કાળજી રાખવી હિતાવહ છે. વ્યવહારિક બાબતોમાં જાગૃતિ કેળવવી જરૂરી છે. તેમજ અચાનક વ્યર્થ ખર્ચના ભોગ ન બની જવાય તે માટે સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં વિલંબ બાદ સફળતા પ્રાપ્ત કરી શકશો. તબિયત જાળવવી નહિંતર તકલીફમાં પડી જવાય.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન કોઈપણ નાની-મોટી ચિંતા કે જવાબદારી હશે તો તેમાંથી મૂક્તિ મેળવી શકશો. મનની બેચેની દૂર થાય. ભાગીદારી વર્ગ સાથે મતભેદ હોય તો તે દૂર કરી શકશો. આ ઉપરાંત નાણાંકીય બાબતો માટે આ સપ્તાહ મિશ્રફળદાયી ગણાવી શકાય. રોકાયેલા નાણાં પરત લેવા જતા પૂરે પૂરી સફળતા ન મળે. નોકરીયાત વર્ગને આ સપ્તાહ પ્રગતિકારક અને આશાકારક નીવડે, સ્વાસ્થય સારૂં રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન જૂના મતભેદો નિવારી શકશો. અલબત કાર્યબોજમાં વધારો થાય પરંતુ તેનું પૂરે પૂરૂં વળતર પણ પ્રાપ્ત કરી શકશો. અગત્યના કામકાજોમાં સફળતા મળે. સંતાનો સાથે મતભેદની શક્યતા નકારી શકાતી નથી. કંઈક નવું આયોજન વિચાર્યું હોય તો તે પણ સફળતાપૂર્વક પાર પાડી શકશો. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારી અચાનક જ આવી પડે. આર્થિક બાબતને લગાત કાર્ય પૂર્ણ થાય. નવી આવકના યોગ છે. સમાજિક બાબતે કાર્યોમાં ગુંચવણ જોવા મળે. સ્વમાન ભંગ ન થાય તે માટે સાવધ રહેવું જરૂરી બને. પ્રવાસ-યાત્રા ટાળવો હિતાવહ. જો કે, આનંદ-પ્રમોદમાં વિશેષ પ્રવૃત રહેવાય અને નવિન ખરીદીઓ પણ થાય. નવા સંબંધો વિકસાવવામાં સાવધાની રાખવી જરૂરી બને. તબિયત સંભાળવી નહિંતર વાતાવરણને કારણે તકલીફ ઊભી થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન જૂના મિત્રો, સગા-સંબંધીઓની મુલાકાત થાય. જે લાભદાયી રહે. વ્યર્થ ચિંતાને કારણે અકારણ ગુસ્સો રહ્યા કરે. જીવનસાથી કે સંતાનના આરોગ્ય અંગે સંભાળ રાખવી જરૂરી બને. આર્થિક સમસ્યા દૂર થાય. અણધાર્યો ધન લાભ થાય. અટકી પડેલા કાર્યો આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. વાદ-વિવાદમાં ન ઉતરતા વાણી સંયમ જાળવવો હિતાવહ.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન માનસિક તાણનો અનુભવ થાય. વ્યર્થ ઉત્પાત કરતા ધીરજ ધરી કાર્યો કરવા. કોઈપણ નિર્ણય ઉતાવળે ન લેવા. નાણાંકીય મુંઝવણનો ઉકેલ મળે. આવકવૃધ્ધિના તમારા પ્રયત્નોમાં જરૂરી સફળતા મળે. તેમ છતાં કૌટુંબિક ક્ષેત્રે ખર્ચનું પ્રમાણ વિશેષ રહે. પ્રતિકૂળતામાંથી માર્ગ કાઢી શકશો. આ સપ્તાહમાં કોઈ મોટી લે-વેંચ હોય તો તે સ્થગિત રાખવી.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન એક નવિન અનુભવ અને ચંચળતા આપનાર નીવડે. ધાર્મિક કાર્યમાં પ્રવૃત્ત રહેવું. નવિન મિલન-મુલાકાત કે મુસાફરીથી હૃદય અત્યંત પ્રસન્નતાનો અનુભવ કરે. પારિવારીક સમસ્યાઓને વાટાઘાટો દ્વારા હલ લાવી શકાય. નાણાંનો દૂરવ્યય થતો અટકે. સાસરાપક્ષ કે મોશાળપક્ષ તરફથી નાનોએવો લાભ મળે. જીવનસાથી સાથે વાદ-વિવાદમાં ન ઉતરવો હિતાવહ. કોઈ ગેરસમજ ન સર્જાય તેની ખાસ સાવચેતી રાખવી. તબિયત સંભાળવી હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહમાં તમારા મનના મનોરથ ધીરે-ધીરે સફળ થતા જણાય. આ ઉપરાંત પ્રિયજનથી વિશેષ લગાવ રહે. તેના સાથે મનદુઃખ હોય તો દૂર થશે. અણધાર્યો લાભ મેળવી શકશો. કોર્ટ-કચેરી અને જમીનને લગતા કાર્યોમાં લાભ પરંતુ આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. મનમાં ચિંતા હશે તે પણ દૂર થાય તેવું બને. વ્યવસાયના કાર્યમાં મહેનત વધારવી જરૂરી બને. શેર-સટ્ટા જેવા કાર્યથી દૂર રહેવું. તબિયત એકંદરે સારી રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન કાર્યબોજ વિશેષ રહે જેથી વ્યસ્ત રહેવાય. નાણાંકીય આયોજનોને સફળતાથી પાર પાડી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. અણધાર્યો પ્રવાસ કે મુસાફરી થાય. લાભની આશા ઠગારી નીવડે. અકારણ ક્રોધના ભોગ બનો. ગુપ્ત શત્રુવર્ગની પ્રબળતા છતાં પણ હિમ્મતથી વર્તાવથી નુકશાનીમાંથી બચી જવાય. મુંઝવણભર્યા પ્રશ્નોમાંથી માર્ગ મળે. રચનાત્મક પ્રવૃત્તિઓ વેગવંતી બને. મહત્વના નિર્ણયો કરી શકશો. તબિયત સંભાળવી.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન જમીન, મકાન, વાહન, વ્યવસાયને લગતા કાર્યો માટે સમય સાનુકૂળ રહે. એકંદરે આ સપ્તાહ દરમિયાન રોકાયેલા નાણાં છૂટા થાય. મુંઝવણમાંથી માર્ગ કાઢી શકશો. જૂના સ્નેહિવર્ગ દ્વારા પણ લાભ પ્રાપ્ત કરી શકશો પરંતુ વાણીસંયમ જાળવવો અનિવાર્ય બની જાય. જીવનસાથીને મનદુઃખ રહે. સંતાન વર્ગ દ્વારા શુભ સમાચાર મળે. મહત્વની વ્યક્તિ માટે મિલન-મુલાકાતમાં સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે અગત્યના કાર્યમાં મંદગતિએ સફળતા મેળવી શકશો. શત્રુ પક્ષથી ખાસ સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં નાણાંનો વ્યય થાય તેવા સંજોગો છે. પરોપકારીના કાર્યમાં પણ સાવધાની જરૂરી છે. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહપૂર્વક રહે. જીવનસાથી સાથે મનદુઃખ કે મતભેદ હોય તો નિવારણ થાય. મોજ-શોખ તરફ આ સપ્તાહ દરમિયાન વિશેષ લગાવ રહે.

# રાજ્યના અનટ્રેસ બાળકોનો સર્વે કરી શાળામાં પ્રવેશ અપાવવા કવાયત

અમદાવાદ, તા.૧૧

સમગ્ર શિક્ષા અંતર્ગત દર વર્ષે જુદાજુદા કારણોથી શાળા બહાર રહેલા ૬થી ૧૯ વર્ષની વયજૂથના બાળકો અને જેઓ પોતાનું ધોરણ૧થી ૧૨નું શિક્ષણ પુર્ણ કરી શક્યા નથી તેવા શાળા બહારના બાળકોનો સર્વે કરી તેમના શૈક્ષણિક પુનર્વસનની કામગીરી કરવામાં આવે છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર છે, જે અન્વયે બાળકોનો સર્વે કરીને બાળકોની વયને અનુરૂપ શૈક્ષણિક પુર્નઃ વસન અને જરૂર પડે તો ખાસ તાલીમ આપવામાં આવે છે. રાજ્યના ધોરણ-૧થી ૫નો ડ્રોપ આઉટ રેટ ૧.૧૭, ધોરણ-૧થી ૭નો ડ્રોપ આઉટ રેટ ૨.૬૮, ધોરણ૯થી ૧૦નો ડ્રોપ આઉટ રેટ ૨૩.૨૮ અને ધોરણ-૧૧થી ૧૨નો ડ્રોપ આઉટ રેટ ૬.૧૯ છે. આ ઉપરાંત શાળા પ્રવેશોત્સવ દરમ્યાન બાળકની વયકક્ષા મુજબ જે તે ધોરણમાં નામાંકનના પ્રયાસો કરવામાં આવે છે. ઉપરાંત ધોરણ૫ના તમામ બાળકો ધોરણ-૬માં પ્રવેશે તે માટે અને ધોરણ-૮ના તમામ બાળકો ધોરણ-૯માં નામાંકન થાય તેના માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે. આમ, છતાં ઘણા બાળકો અનટ્રેક રહેલા છે. રાજ્યમાં અનટ્રેક અને ડ્રોપઆઉટ રહેલા બાળકોની સંખ્યા ૭.૫૮ લાખ જેટલી છે. આ ડ્રોપ આઉટ રેટ અને ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં અનટ્રેક બાળકોની માહિતીના અનુસંધાને માનવ વસાહત ધરાવતા કેટલાક વિસ્તારોના બાળકો કોઈ કારણોથી આવરી ન લેવાયેલા હોય અથવા શિક્ષણ મુખ્યધરામાંથી અધવચ્ચેથી શિક્ષણ છોડી દીધેલા હોય તેવ ૬થી૧૯ વર્ષની વયજૂથના શાળા બહારના બાળકોની સર્વે પ્રક્રિયા દ્વારા ઓળખાણ કરવા માટે સૂચના અપાઈ છે. મોટી સંખ્યામાં એન્ટ્રી અને દરખાસ્ત પછી પણ ડ્રોપ આઉટ રેટ અને અનટ્રેક બાળકોની સંખ્યા વધુ હોવાથી તેમને સમાવવા માટે નવેમ્બર માસમાં સર્વે કરવા માટે સુચના આપવામાં આવી છે. જેમાં સર્વેયર દ્વારા ૧૬ નવેમ્બર સુધી સર્વે કરવામાં આવશે. ત્યારબાદ તેની ૨૨ નવેમ્બર સુધીમાં એન્ટ્રી કરાશે અને ૩૦ નવેમ્બર સુધીમાં ચકાસણીની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. આમ, શાળા બહારના વિદ્યાર્થીઓના સર્વેની કામગીરી ૩૦ નવેમ્બર સુધીમાં પૂર્ણ કરવા જણાવાયું છે.

# રાજ્યના ભ્રષ્ટાચાર કરનારા વધુ બે સરકારી અધિકારી ઘરભેગા કરાયા

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં છેલ્લા ૩૦ કરતા વધુ વર્ષથી ભાજપની સરકાર છે. ભાજપ સરકારમાં સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારે અજગર ભરડો લીધો છે. મોટા મોટા અધિકારીઓ ઉપર ભ્રષ્ટાચાર અને ગેરરીતિની અનેક ફરિયાદ થતાં રાજ્ય સરકાર એક્શનમાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભ્રષ્ટ અધિકારીઓની એક યાદી તૈયાર કરી છે જેમાં એક પછી એક ભ્રષ્ટ અધિકારીઓને પ્રિમેચ્યોર રિટાયરમેન્ટ આપીને ઘરભેગા કરવામાં આવી રહ્યાં છે. રાજ્ય સરકારે વધુ બે ક્લાસ-૧ અધિકારીઓને પ્રિમેચ્યોર રિટાયરમેન્ટ આપીને ઘરભેગા કર્યા છે. ભિલોડા I.T.I માં ક્લાસ-૧ અધિકારી પ્રિન્સિપાલ ભરત રાવલ તેમજ સુરત I.T.I ના ક્લાસ-૧ અધિકારી પ્રિન્સિપાલ હસમુખ કાકડિયાને પ્રિમેચ્યોર રિટાયરમેન્ટ કરવામાં આવ્યા છે. ગુજરાત સરકાર દ્વારા અત્યાર સુધી ૨૫ અધિકારીઓને પ્રિમેચ્યોર રિટાયર કરવામાં આવ્યા છે. ભ્રષ્ટાચાર એટલો વ્યાપક બન્યો છે કે ભ્રષ્ટાચારથી પ્રજામાં સરકારની છબિ નબળી પડી રહી છે. દિવાળી પછી ઓપરેશન ગંગાજળ હેઠળ ભ્રષ્ટાચારી, લાંચિયા, ગેરરીતિ આચરનારા ક્લાસ વન-ટુ અધિકારીઓ સામે પ્રિમેચ્યોર રિટાયર્ડમેન્ટ હેઠળના નિર્ણય લેવામાં આવી રહ્યાં છે. સરદાર સરોવર નર્મદા નિગમ-SSNLમાં ડેપ્યુટેશન પર રહેલા વર્ગ-૧ કાર્યપાલક ઈજનેર એ.ડી.પરમારને ફરજિયાત નિવૃત કર્યાના ૨૪ કલાકમાં મહેસૂલ વિભાગના સુપ્રિટેડન્ટ લેન્ડ રેકર્ડ-જીન્ઈ કે.પી.ગામીતને પાણીચું પકડાવ્યું છે. જમીન માપણી સંવર્ગના કે.પી.ગામીત સામે ભ્રષ્ટાચારની વ્યાપક ફરિયાદો હતી. એક પછી એક કૌભાંડ બહાર આવતા ગુજરાત સરકાર સફાળી જાગી છે. સરકારે ૧૦૦ જેટલા ભ્રષ્ટ અધિકારીઓની એક યાદી તૈયાર કરી છે. યાદીની સમીક્ષા કરી તેમને ફરજિયાત ઘરે બેસાડી દેવા માટે રાજ્ય સરકારે તૈયારી શરૂ કરી છે. એક પછી એક ઓપરેશન ગંગાજળ હેઠળ ભ્રષ્ટ અધિકારીઓને રાજ્ય સરકાર દ્વારા પ્રિમેચ્યોર રિટાયરમેન્ટ આપીને ઘરે બેસાડવામાં આવી રહ્યાં છે. રાજ્યમાં અત્યાર સુધી ૨૫ જેટલા વિવિધ અધિકારીઓને સરકાર દ્વારા ઘરભેગા કરવામાં આવ્યા છે.

# વડાપ્રધાન મોદી ફરી એકવાર આવશે ગુજરાત મોદી સ્ટેડિયમના કાર્યક્રમમાં લાખોની ભીડ એકઠી થશે

## BAPSના કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહવિદેશના ભક્તો તથા VVIP પણ હાજર રહેશે



ગાંધીનગર, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વખત ગુજરાતમાં આવવાના છે. આ વખતે તેઓ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં હાજરી આપવાના છે. ૭મી ડિસેમ્બરના રોજ બીએપીએસના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ હાજર રહેવાના છે. આ કાર્યક્રમમાં લાખો લોકોની ભીડ ભેગી થવાની હોવાથી અમદાવાદ શહેર પોલીસ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. અમદાવાદના ઝોન ટુ વિસ્તારમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ આવતું હોવાથી અત્યારથી જ અલગ-અલગ પ્રકારના પ્લાનિંગ તૈયાર કરવામાં આવી રહ્યા છે. સાથે બીએપીએસ સંસ્થા દ્વારા કઈ રીતનું આયોજન છે, તેનું સંકલન અને વ્યવસ્થા કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. તેની સાથે જ મોસ્ટ વીવીઆઈપી તથા દેશવિદેશના હરિભક્તો હાજર રહેવાના હોવાથી સુરક્ષામાં સહેજ પણ કચાશ ન રહે તે માટે વિશેષ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમદાવાદ શહેર પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, આગામી ૭ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીએપીએસના કાર્યક્રમમાં અમદાવાદ ખાતે વિશેષ ઉપસ્થિત રહેવાના છે. જેમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થવાના છે અને તેમાં ખાસ કરીને દેશ-વિદેશથી પણ લોકો આવવાના છે, જે માટે અત્યારથી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ કાર્યક્રમમાં સુરક્ષામાં જરાય પણ કચાસ ન રહે તે માટે વિશેષ પ્લાનિંગ તૈયાર કરવામાં આવી રહેલ છે. ધાર્મિક કાર્યક્રમ હોવાથી તેની માટેની તૈયારીઓ સાથે સંસ્થા સાથે સંકલન કરવામાં આવી રહ્યું હોવાની પણ વિગતો મળી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પણ આવવાના હોવાની વિગતો હાલ પોલીસને મળી રહી છે. જેના આધારે તમામ પ્રોટોકોલ સચવાય અને સુરક્ષા બંદોબસ્ત સઘન બનાવવાની સાથે કાર્યક્રમને સફળ રીતે સંપન્ન થાય તે પ્રકારનું આયોજન કરવામાં આવી રહેલ છે.

# શિક્ષકોની ૧ ૩મીએ પ્રવરતા યાદી જાહેર થયા બાદ ફેરફાર થશે નહીં

અમદાવાદ, તા.૧૧

પ્રાથમિક શિક્ષકોની બદલી અંગેની કાર્યવાહીમાં ૧૩ નવેમ્બરના રોજ જિલ્લા ફેર બદલી અંગેની આખરી પ્રવરતા યાદી પ્રસિદ્ધ કરવામાં આવ્યા બાદ તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહીં તેવી સ્પષ્ટતા શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી છે. ભરતીની કામગીરી પહેલા વધ પરત કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવથી સરકારી પ્રાથમિક શિક્ષકોની બદલી અંગેના નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલા છે. બદલી ઠરાવની જોગવાઈ મુજબ જે જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓમાં જિલ્લા ફેર બદલી માટેની પ્રતિક્ષાયાદી પૂર્ણ થયેલ નથી તે તમામ જિલ્લાઓ/નગરમાં જિલ્લા ફેર બદલી કેમ્પ આયોજિત કરવા માટે જિલ્લા કક્ષાએ પડતર પ્રતિક્ષા યાદી ઉપર શિક્ષકોની કામચલાઉ પ્રવરતા યાદી તમામ સંબંધિત શિક્ષકો સુધી પહોંચે તે રીતે ૯ નવેમ્બર સુધીમાં પ્રસિદ્ધ કરવાની સુચના આપવામાં આવેલી છે. આ સૂચના મુજબ જિલ્લાઓ/નગર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવનાર જિલ્લા ફેર બદલીની પ્રતિક્ષા યાદીમાં પોતાની કોઈ પણ વિગતમાં સુધારા કે ફેરફાર કરવાના થતા હોય તો ૧૨ નવેમ્બર સુધીમાં સંબંધિત જિલ્લા/નગરનો સંપર્ક કરી વિગતોમાં સુધારો કરાવી લેવા માટે જણાવાયું છે. ૧૩ નવેમ્બરના રોજ જિલ્લા ફેર બદલી અંગેની આખરી પ્રવરતા યાદી સંબંધિત જિલ્લા/નગર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવશે. ત્યારબાદ પ્રવરતા યાદીમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહી તેવી સ્પષ્ટ સૂચના શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવી છે.

# વૈશ્વિક પર્યટન સ્થળ ગોવા, રોગચાળાને પગલે વિદેશી પ્રવાસીઓના આગમનમાં નોંધપાત્ર ઘટાડા સાથે ઝઝૂમી રહ્યું છે

(એજન્સી) તા.૧૧

વૈશ્વિક પર્યટન સ્થળ ગોવા, રોગચાળાને પગલે વિદેશી પ્રવાસીઓના આગમનમાં નોંધપાત્ર ઘટાડા સાથે ઝઝૂમી રહ્યું છે. જો કે, રાજ્યમાં સ્થાનિક પર્યટનમાં વૃદ્ધિ જોવા મળી છે, ત્યારે વિદેશીઓનું આગમન રોગચાળા પહેલાના સ્તરે આવ્યું નથી. રાજ્યના અર્થતંત્રનો મુખ્ય આધાર આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓ ઉપર નિર્ભર છે. આ ગંભીર પડકાર સાથે પરિવહન, સુરક્ષા, સેવાઓની કિંમત અને માળખાકીય સમસ્યાઓથી માંડીને

ભૌગોલિક રાજકીય તણાવ સુધીના અનેક પરિબળો આ પરિવર્તનમાં ફાળો આપી રહ્યા છે, જે વિદેશ પર નિર્ભર વ્યવસાયોને અસર કરે છે. ટેક્સી માફિયા અને હોટલોનો વધુ ચાર્જ એ કાયદેસરના મુદ્દા છે જે ગોવામાં પ્રવાસન પ્રવાહને અસર કરે છે. રોગચાળા પછી આ સંખ્યામાં વધુ ઘટાડો થયો છે. ૨૦૧૯માં, ગોવામાં લગભગ ૯.૪

લાખ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા, પરંતુ ૨૦૨૩ નવેમ્બર સુધીમાં આ આંકડો ઘટીને માત્ર ૪.૦૩ લાખ થઈ ગયો હતો. આ માત્ર થોડા વર્ષોના ગાળામાં વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં લગભગ ૬૦% ઘટાડો દર્શાવે છે. ખાસ કરીને, વર્ષ ૨૦૨૨માં ૨૦૧૮ની તુલનામાં વિદેશી પ્રવાસીઓના આગમનમાં ૮૨% ઘટાડો જોવા મળ્યો, જે રાજ્યના પ્રવાસન આધારિત અર્થતંત્ર માટે ચિંતાજનક વલણ છે.

ગોવાનું પ્રવાસન ક્ષેત્ર 'ટેક્સી માફિયાઓ'ના વર્ચસ્વને કારણે અવરોધાઈ રહ્યું છે. આ શક્તિશાળી જૂથો સમગ્ર રાજ્યમાં મોટાભાગની ટેક્સી સેવાઓને નિયંત્રિત કરે છે અને પ્રવાસીઓ અને સ્થાનિક રહેવાસીઓ બંનેનું શોષણ કરવા માટે કુખ્યાત છે. ગોવામાં ટેક્સી ઓપરેટરો તેમના ભાડાના દરો, મીટરવાળી સેવાઓનો અભાવ અને સરકારી નિયમોનું પાલન કરવાનો ઈન્કાર કરવા માટે કુખ્યાત છે. પ્રવાસીઓ માટે, ખાસ કરીને વિદેશીઓ માટે, આ ઘણીવાર અપ્રિય અનુભવ હોય છે. તાજેતરની એક પોસ્ટમાં, એક વપરાશકર્તાએ એક ભયજનક અનુભવ શેર કર્યો કેઃ "એકવાર ગોવામાં, અમે અમારી કારમાં એક વિદેશી પ્રવાસીને લિફ્ટ આપી. કેટલાક ટેક્સીવાળાએ અમને રોક્યા અને અમને તેને નીચે ઉતારવા કહ્યું, નહીં તો તેઓ કાર તોડી નાખશે. ટેક્સી માફિયાઓ આ રીતે વર્તે છે તેના કારણે ગોવાનું પર્યટન બરબાદ થયું છે. માટે લોકો ગોવામાં ટૂરિઝમના અભાવ માટે ટેક્સી માફિયાઓને જવાબદાર ગણાવે છે. ઓલા અને ઉબેર જેવી ઓનલાઈન ટેક્સી સેવાઓનો અભાવ, જે સમગ્ર ભારતમાં અન્ય

મુખ્ય પ્રવાસન સ્થળોમાં સામાન્ય છે, તે પરિસ્થિતિને વધારે ખરાબ કરે છે. એપ્લિકેશન- આધારિત રાઈડ-હેલિંગ વિકલ્પો વિના, પ્રવાસીઓને સ્થાનિક ટેક્સીઓ પર આધાર રાખવો પડે છે. ટેક્સી માફિયાના નિયંત્રણની સીધી અસર ગોવામાં એકંદર પ્રવાસી અનુભવ પર પડી છે. મુલાકાતીઓને વારંવાર પરિવહન માટે આ ઓપરેટરો પર આધાર રાખવાની ફરજ પડે છે, કારણ કે જાહેર પરિવહન વિકલ્પો મર્યાદિત છે, અને ભાડાની કાર વારંવાર અનુપલબ્ધ હોય છે. ભરોસાપાત્ર, સસ્તું અને પારદર્શક પરિવહન વિકલ્પો વિના પ્રવાસીઓ માટે આસપાસ ફરવાનું મુશ્કેલ બનાવે છે. અન્ય એક પોસ્ટમાં 'ઠ' યુઝરે શેર કર્યું કે ગોવાના ટેક્સી માફિયા તેના માટે ૧૦૦% જવાબદાર છે.

ઘણા પ્રવાસીઓ જેમને આ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે તેઓ વારંવાર સોશિયલ મીડિયા અને ટ્રાવેલ ફોરમ પર હતાશા વ્યક્ત કરે છે, જે સંભવિત

મુલાકાતીઓને ગોવામાં આવતા અટકાવે છે. કેટલાક વૈકલ્પિક સ્થળો પણ પસંદ કરે છે જ્યાં પરિવહન વધુ સસ્તું, નિયંત્રિત અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા સુલભ હોય છે. સ્થાનિક પ્રવાસન હિસ્સેદારો દલીલ કરે છે કે ટેક્સી માફિયાઓના મુદ્દાને સંબોધિત કરવું અને એપ્લિકેશન આધારિત ટેક્સી સેવાઓ સારી કરવી એ ગોવાની પુનઃપ્રાપ્તિ માટે મહત્વપૂર્ણ છે. વધુ પારદર્શક અને કાર્યક્ષમ પરિવહન પ્રણાલી વિના, વિદેશી પ્રવાસીઓનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો મુશ્કેલ બનશે જેમની પાસે આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે ઘણા વિકલ્પો છે. ગાઝામાં અશાંતિ અને રશિયા-યુક્રેન સંઘર્ષે આ પ્રદેશોના પ્રવાસીઓના પ્રવાહ પર નોંધપાત્ર અસર કરી છે. ઉદાહરણ તરીકે, રોગચાળા પહેલા, ગોવામાં રશિયાથી દરરોજ પાંચ ચાર્ટર ફ્લાઈટ્સ આવતી હતી. તે આવર્તનમાં ભારે ઘટાડો થયો છે. ગોવાએ એક સમયે અસંખ્ય ઈઝરાયેલ પ્રવાસીઓને આકર્ષ્યા હતા, પરંતુ મધ્ય પૂર્વમાં અસ્થિર રાજકીય વાતાવરણને કારણે, ઈઝરાયેલથી ચાર્ટર ફ્લાઈટ્સ પણ સ્થગિત કરવામાં આવી છે. આ અવરોધો છતાં, ગોવાના લોકો આશાવાદી છે કે તે ઉઝબેકિસ્તાન અને કઝાકિસ્તાન જેવા અન્ય ઉભરતા બજારોના પ્રવાસીઓને આકર્ષી શકે છે. ગોવા માટે સ્થાનિક પર્યટનમાં વધારો છે,

જેણે આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓના કેટલાક નુકસાનને સરભર કરવામાં મદદ કરી છે. ૨૦૧૯માં, ગોવામાં લગભગ ૮.૦૬ લાખ સ્થાનિક પ્રવાસીઓ આવ્યા હતા જે સંખ્યા ૨૦૨૦માં રોગચાળાને કારણે ઝડપથી ઘટી હતી પરંતુ ૨૦૨૩ સુધીમાં તે વધીને ૭.૬૧ લાખ થઈ ગઈ હતી. સ્થાનિક પર્યટનમાં વધારો ખાસ કરીને નોંધપાત્ર રહ્યો છે કારણ કે ઉચ્ચ આવક ધરાવતા ભારતીયો હવે પ્રવાસ કરવા અને લેઝર પ્રવૃત્તિઓ, જેમ કે ડેસ્ટિનેશન વેડિંગ અને ફેમિલી વેકેશન પર વધુ ખર્ચ કરે છે. જો કે, સ્થાનિક પ્રવાસીઓનો ધસારો હોવા છતાં, સ્થાનિક ઓપરેટરો દલીલ કરે છે કે ગોવાના પ્રવાસન ક્ષેત્રની નાણાકીય સ્થિરતા જાળવવા માટે વિદેશી પ્રવાસીઓનું લાંબું રોકાણ અને વધુ ખર્ચ એ નિર્ણાયક છે. વિદેશી પ્રવાસીઓ લાંબા સમય સુધી રહેવાનું વલણ ધરાવે છે, વધુ પ્રીમિયમ રહેઠાણ મેળવે છે અને સ્થાનિક મુલાકાતીઓની સરખામણીમાં આવકના મોટા હિસ્સામાં ફાળો આપે છે. જ્યારે ગોવાના પ્રવાસન ઉદ્યોગ માટેનો દૃષ્ટિકોણ અનિશ્ચિત છે. પર્યટનની ટોચની મોસમ, નવેમ્બરથી માર્ચ સુધી ચાલે છે, અને જો રાજકીય પરિસ્થિતિ સુધરે અને લક્ષિત પગલાં લાગુ કરવામાં આવે, તો રાજ્ય એશિયાના પ્રમુખ પ્રવાસન સ્થળોમાંના એક તરીકેનું સ્થાન પાછું મેળવી શકે છે. સ્થાનિક પર્યટનને ખૂબ જ પ્રોત્સાહન મળ્યું છે, ત્યારે રોગચાળા પછી વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો એ ગોવાના પ્રવાસન ક્ષેત્ર માટે નોંધપાત્ર અવરોધ બની રહ્યો છે. ભૌગોલિક રાજકીય અસ્થિરતા, જૂની વિઝા નીતિઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગેપ જેવા પડકારોને સંબોધવા એ રાજ્યની પુનઃપ્રાપ્તિ માટે ચાવીરૂપ બનશે. પ્રવાસન ઉદ્યોગે આંતરરાષ્ટ્રીય પ્રવાસની બદલાતી ગતિશીલતા અને વૈશ્વિક પ્રવાસીઓની માંગ બંનેને અનુરૂપ થવું જોઈએ

## ખેડૂતો માટે રાહતના સમાચાર

# રાસાયણિક ખાતરની ઉપલબ્ધતા અંગે સરકારે જાહેર કર્યો હેલ્પ લાઈન નંબર

## આ અંગે કોઈ પ્રશ્ન હોય તો ખેડૂતો ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ નંબર પર સંપર્ક કરી શકે છે

અમદાવાદ, તા.૧૧

રાજ્ય સરકારે ખેડૂતોને મોટી રાહત આપતા રાજ્યમાં ખાતરની ઉપલબ્ધતા અંગે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. સરકારના દાવા પ્રમાણે, રાસાયણિક ખાતર ડીએપી અને એનપીકેનો પૂરતો જથ્થો સહકારી મંડળીઓ અને ગુજકોમાસોલ ડેપોમાં તબક્કાવાર ઉપલબ્ધ થઈ રહ્યો છે.

જિલ્લાઓમાં રાસાયણિક ખાતર ડી.એ.પી. અને એન.પી.કે.ની ઉપલબ્ધતા પુરતાં પ્રમાણમાં છે.

સહકારી મંડળીઓ અને ગુજકો માસોલ ડેપોમાં તબક્કાવાર ઉપલબ્ધ થઈ રહયો છે. આ અંગે કોઈ પ્રશ્ન હોય તો ખેડૂતો ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ નંબર પર સંપર્ક કરી શકે છે.

રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, રાજ્યમાં ખાતરની કોઈ અછત નથી. સરકારે ખાતરનો પૂરતો જથ્થો સુરક્ષિત કર્યો છે અને તેને સહકારી મંડળીઓ અને ગુજકોમાસોલ ડેપોમાં પહોંચાડવાની પ્રક્રિયા ચાલી રહી છે. ખેડૂતોને ખાતર મળવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે સરકાર સતત પ્રયાસ કરી રહી છે.

દ્વારકા જિલ્લામાં વરસાદી માહોલ બાદ ખેડૂતો હજુ પણ મુશ્કેલીમાં છે. અતિવૃષ્ટિને કારણે નુકસાન ભોગવેલા ખેડૂતો હવે શિયાળુ પાક માટે જરૂરી DAP ખાતરની અછતનો સામનો કરી રહ્યા છે. ખાતર મેળવવા માટે ખેડૂતોને લાંબી લાંબી કતારો લગાવવી પડી રહી છે અને દુકાને દુકાને ભટકવું પડી રહ્યું છે.

વધુ પ્રમાણમાં ખાબકેલા વરસાદને કારણે ખેડૂતોએ નુકસાન ભોગવ્યું છે. શિયાળુ પાકને નુકસાન થયું હોવાથી ખેડૂતો નવા પાક માટે તૈયારી કરી રહ્યા છે. પરંતુ DAP ખાતરની અછતને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ખાતરની માંગ વધવાથી પુરવઠો ઘટી ગયો છે અને તેના કારણે ખાતરની અછત સર્જાઈ છે. સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડોમાં કપાસની આવકોમાં નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને, રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં કપાસની આવકોમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. જોકે, આ આવકોની પાછળ ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે.

ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ખેડૂતોને કપાસના ભાવમાં ૫૦ થી ૧૦૦ રૂપિયાનો ઘટાડો અનુભવવો પડી રહ્યો છે. વધતી જતી ખેતી ખર્ચ અને ઓછા ભાવને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના ભાવમાં દર વર્ષે ૨૦ થી ૨૫% જેવો વધારો થાય છે, જ્યારે ખેડૂતોને મળતા ભાવમાં વધારો નહિવત છે. હાલમાં, કપાસ એક મણના ભાવ ૧૫૦૦ થી ૧૫૫૦ રૂપિયા જેટલા મળી રહ્યા છે.

# ટ્રમ્પ ૨.૦ શાસન 'ક્વાડ'ની સ્થિતિ માટે ભારત ઉપર દબાણ કરી શકે છે




(એજન્સી) તા.૧૧

ભારત લશ્કરી જોડાણ ઈચ્છતું નથી અને તે વિકલ્પો ખુલ્લા રાખવા માંગે છે. ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં ક્વાડને વેગ આપ્યો અને ભારત ૨૦૨૫માં નેતાઓની સમિટનું આયોજન કરે ત્યાં સુધીમાં, પ્રમુખ ટ્રમ્પ ક્વાડમાં તેના રોકાણમાંથી યુએસના હાર્ડ સિક્યુરિટી ડિવિડન્ડ ઉપર પ્રશ્ન કરી શકે છે. ભારતે પણ તેના લાંબાગાળાના વ્યૂહાત્મક ઉદ્દેશ્યોનું મૂલ્યાંકન કરવું પડશે અને તે મુજબ તેની ભાગીદારી મજબૂત કરવી પડશે. જાન્યુઆરી ૨૦૧૭માં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક વચનને પૂર્ણ કરવાનું નક્કી કર્યું અને તેમના દેશને TPP (ટ્રાન્સ-પેસિફિક પાર્ટનરશિપ)માંથી બહાર કાઢ્યું પણ આ માત્ર શરૂઆત હતી. ત્યારપછીના વર્ષોમાં, પ્રમુખ ટ્રમ્પે મે ૨૦૧૮માં ઈરાન પરમાણુ કરારમાંથી બહાર નીકળવાનું નક્કી કર્યું હતું જેમાં તેમના સલાહકારોએ પાછળથી જે જાહેર કર્યું હતું તેનાથી કોઈ પ્લાન બી ન હતો; અને નવેમ્બર ૨૦૨૦માં યુએસ ઔપચારિક રીતે પેરિસ ક્લાઈમેટ એકોર્ડમાંથી બહાર નીકળી ગયું હતું. ૬ નવેમ્બરના રોજ ટ્રમ્પની જોરદાર જીતને પગલે, પ્રશ્ન એ ઊભો થાય છે કે શું ઈન્ડો-પેસિફિકને લગતા કરારો બાઈડેન વોચ (ક્વાડ અને AUKUS) મુદ્દે પણ આવું જ કરવામાં આવશે અથવા તે તેમની પોતાની યોગ્યતાઓ ઉપર આગળ વધશે. ભારત આ માટે એક અસરગ્રસ્ત પક્ષ છે, બંને (ક્વાડ) અને (AUKUS) માટે ટ્રમ્પ ૨.૦માં આ ડોમેનની સમીક્ષા અને નીતિઓની સમીક્ષા કરી શકે છે. નોંધનીય છે કે ઈન્ડો-પેસિફિક શબ્દ સૌપ્રથમ ૨૦૦૭માં પૂર્વ જાપાનીઝ પીએમ શિન્ઝો આબે દ્વારા પ્રદેશના રાજકીય પ્રવચનમાં દાખલ કરવામાં આવ્યો હતો અને બાદમાં ઓબામાના પ્રથમ કાર્યકાળ (૨૦૦૯-૧૩)માં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ હિલેરી ક્લિન્ટન દ્વારા તેને સમાવિષ્ટ કરવામાં આવ્યું અને ભારત દ્વારા આવકારવામાં આવ્યું હતું. ક્વાડ ડિસેમ્બર ૨૦૦૪માં (દક્ષિણ પૂર્વ) હિંદ મહાસાગરના કિનારાના ભાગોને તબાહ કરનાર સુનામીના પરિણામે અસ્તિત્વમાં આવ્યું હતું. આ કુદરતી આફતે ભારત, યુએસએ, જાપાન અને ઓસ્ટ્રેલિયાને HADR (માનવતાવાદી સહાય આપત્તિ રાહત) પ્રયાસમાં એકસાથે લાવ્યા અને આ જૂથ પ્રમાણમાં એક સામૂહિક મંચ બન્યું હતું. રસપ્રદ વાત એ છે કે, ઈન્ડો-પેસિફિક માટે ટ્રમ્પ ૧.૦માં પ્રથમ વિદેશ મંત્રી સ્તરની બેઠક ૨૦૧૭માં યોજાઈ હતી. યુએસએ અગાઉની નીતિમાંથી આમૂલ પ્રસ્થાન કરીને, ઓસ્ટ્રેલિયા, યુકે અને યુએસનો સમાવેશ કરીને ત્રણ-રાષ્ટ્રીય AUKUSની રચના કરી હતી. ચીન સાથેના વ્યવહારના મોટા મુદ્દાના ભાગરૂપે બાઈડેન ટીમ દ્વારા ઈન્ડો-પેસિફિકને સતત ધ્યાન આપવામાં આવ્યું હતું જેને 'પેસિંગ ચેલેન્જ' તરીકે વર્ણવવામાં આવ્યું હતું. તેની છેલ્લી સમિટ આ વર્ષે સપ્ટેમ્બરમાં રાષ્ટ્રપતિ બાઈડેનના હોમટાઉન ડેલાવેરમાં યોજાઈ હતી અને ભારત ૨૦૨૫માં આગામી સમિટની યજમાની કરવાનું છે. ટ્રમ્પ ૨.૦માં એવી શક્યતા છે કે ચીન પ્રત્યેની યુએસ નીતિના ભાગ રૂપે, ઈન્ડો-પેસિફિક, ક્વાડ અને AUKUSની વધુ વ્યવહારિક રીતે સમીક્ષા કરવામાં આવશે. ભારત ક્વાડમાં સભ્ય છે, તે અન્ય ત્રણ રાષ્ટ્રોની આગેવાનીમાં લશ્કરી સાથી છે. દિલ્હી વ્યૂહાત્મક ભાગીદારીમાં રહેવાનું પસંદ કરે છે અને ઔપચારિક લશ્કરી જોડાણમાં આવવાનું ટાળ્યું છે. પરમાણુ સબમરીનના સંબંધમાં, ભારત તાજેતરમાં પાંચ દેશોમાં જોડાયું છે જેમની પાસે આ ક્ષમતા છે (તેઓ UNSCના કાયમી પાંચ પણ છે). ટ્રમ્પ ૨.૦ આ વિસંગતતાને કેવી રીતે સમાયોજિત કરશે, જેમાં ભારત યુ.એસ.નું લશ્કરી સાથી નહીં પણ ભાગીદાર રહે છે અને તેમ છતાં ભારત મોસ્કો અને બેઈજિંગ સાથેના તેના સંબંધોને પણ મહત્વ આપે છે અને તે વ્હાઈટ હાઉસમાં નવી સરકારની વ્યૂહાત્મક અને રાજદ્વારી કુશળતાની પરીક્ષા હશે.

# રિજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટમાં વિવિધ સાયન્ટિફિક પ્રવૃત્તિઓ દ્વારા દિવાળી પર્વની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા

રાજકોટ, તા.૧૧

દિવાળી એટલે અંધકાર ઉપર પ્રકાશની જીત, અજ્ઞાનતા ઉપર જ્ઞાનની જીતનું પ્રતીક, દિવાળી પ્રકાશ, સમૃદ્ધિ, એકતા, ક્ષમા, ખુશી અને પ્રેમનો તહેવાર છે. રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ આજ ઉદેશ્ય સાથે આ દિવાળીમાં જ્ઞાનના દીપને પ્રગટાવી લોકોના જીવનમાં અંધકારરૂપી અજ્ઞાનતા દૂર થાય તે માટે વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ, સાયન્ટિફિક વર્કશોપ, સાયન્ટિફિક મુવી, આઉટડોર ગેમ્સ, તેમજ ખાસ દિવસોની ઉજવણીઓ કરવામાં આવી હતી. આ દિવાળીને સ્પેશિયલ દિવાળી તરીકે ઉજવવા રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટના સ્ટાફ દ્વારા દિવાળી સ્પેશિયલ 'હાથી મેરે સાથી' નાટક ભજવવામાં આવ્યું હતું. રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટની થીમ અનુસાર 'લોકો દ્વારા, લોકો થકી' ૧૦૦૦ દીવાઓ પ્રગટાવી, આ દિવાળીને સ્પેશિયલ દિવાળી તરીકે ઉજવવામાં આવી હતી. આ સાથે વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ દ્વારા લોકોમાં વિજ્ઞાનરૂપી પ્રકાશ ફેલાય તે હેતુ સાથે વિવિધ સાયન્ટિફિક પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી હતી, જેમાં લિફ સ્ટોમાટા અંડર માઈક્રોસ્કોપ, વિવિધ રોબોટ ડેમોસ્ટ્રેશન્સ, સ્કેટરીંગ ઓફ લાઈટ, LED ડિસ્પ્લે ઓબ્ઝર્વેશન, સોલાર લુનાર ઈકલીપ્સ મોડેલ, લેટ્સ નો મેગ્નેટ્સ જેવી પ્રવૃત્તિઓ સામેલ હતી. આ ઉપરાંત સેન્ટર ખાતે વિવિધ સાયન્ટિફિક વર્કશોપસ્ આયોજિત કરવામાં આવેલ હતા, જેમાં બેઝીક્સ ઓફ ઈલેક્ટ્રોનિક્સ વર્કશોપ, સીરામીક વર્કશોપ, હાઉ ટુ મેક બેરોમીટર વર્કશોપ, ફિઝિક્સ વર્કશોપ, રોબોટિક્સ વર્કશોપ સામેલ છે. સાયન્ટિફિક મુવીસમાં બ્રહ્માંડને લગતી કોસમોસ ડોક્યુમેન્ટરી ફિલ્મ દેખાડવામાં આવી હતી. આઉટડોર ગેમ્સમાં ટિક – ટેક, X-O, રાઉન્ડ એન્ડ સ્કેવર, ટેક યોર પ્લેસ, જેવી ફન એન્ડ લર્ન ગેમ્સનો લોકોએ આંનદ લીધો હતો. તેમજ ટેલિસ્કોપ એક્ટિવિટી દ્વારા અવકાશ દર્શનમાં સન સ્પોટ, શનિગ્રહ, શુક્રગ્રહ, ચંદ્રનું નિર્દશન કરાવવામાં આવ્યું હતું. આ સાથે જ ખાસ દિવસોની ઉજવણીમાં તારીખ ૭ નવેમ્બર ૨૦૨૪ ના રોજ રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટમા આવેલ નોબેલ પ્રાઈઝ ગેલેરી (ભૌતિકવિજ્ઞાન) શોભાવનાર બે નોબેલ પારિતોષિક વિજેતાઓ, ભારતરત્ન ડૉ. ચંદ્રશેખર વેંકટ રામન તથા મેડમ મેરી ક્યુરીની જન્મજયંતી હતી. આ વિશ્વવિખ્યાત વિજ્ઞાનીઓને શ્રદ્ધાંજલિના ભાગ રૂપે, રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટના સ્ટાફ દ્વારા ડૉ. ચંદ્રશેખર વેંકટ રામનની જીવની અને શોધ પર આધારિત નાટક 'કિરણની શોધ' ભજવવામાં આવ્યું હતું. મેડમ મેરી ક્યુરીના જન્મદિવસને રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીના ભાગ રૂપે રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ ખાતે કુંડારિયા કેન્સર પ્રિવેન્સન ફાઉન્ડેશનનાં સહયોગથી મુલાકાતિઓ માટે ફ્રી હેલ્થ ચેકઅપ તેમજ વિવિધ પ્રકારના કેન્સર વિશે માહિતી પ્રદાન કરવામાં આવી હતી. દિવાળીના પર્વની ઉજવણી દરમિયાન ૩૭૫૭ જેટલા મુલાકાતીઓએ રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ ખાતે વિવિધ વિજ્ઞાન આધારિત પ્રવૃતિઓમાં ભાગ લીધો હતો અને દિવાળી પર્વની ઉજવણી કરી હતી.




# ગીર સોમનાથ જીલ્લામાં દિવાળીના તહેવારોમાં યાત્રાધામો-શહેરોમાં ચોરી કરતી ગેંન્ગના ૮ આરોપીને પોલીસે પકડી પાડયા

## રૂા.૮,૯૬,૨૫૦ના મુદામાલ સાથે ગીર સોમનાથ એલસીબી તથા વિવિધ પોલીસ સ્ટેશનોએ પકડી પાડયા

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૧

ગીર સોમનાથ જીલ્લામાં દિવાળીના તહેવારોમાં યાત્રિકોના કારના કાચ તોડી ગેંગને ગીર સોમનાથ એલસીબીએ સુઝ-બુઝ અંગત ચીવટથી તપાસ કરી ગેંગને માત્ર ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડવાની યશસ્વી કામગીરી બજાવેલ છે.

ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ વેરાવળ ખાતે યોજાયેલ પત્રકાર પરીષદમાં વિગતો આપતા જણાવ્યું હતું કે, સોમનાથ ત્રિવેણી સંગમ ઘાટ પાસે આહરી સમાજની વાડીની બાજુમાં રોડ ઉપર પાર્ક કરેલ ફોર વ્હીલ કારમાંથી કોઈ અજાણ્યો શખ્સ કાચ તોડી તેમાંથી સોનાના દાગીના, રોકડ તથા મોબાઈલ ફોનની ચોરી કરેલ હતી. આ તુરંત જ એલસીબી ઈન્સ.એ.બી. જાડેજાના માગદર્શન મુજબ પીએસઆઈ એ.સી. સિંઘવ તથા એએસઆઈ અજીતસિંહ પરમાર તથા નરવણસિંહ ગોહીલ, ગોવિંદ વંશ, ભુપેન્દ્રસિંહ ચાવડા, નરેન્દ્ર પટાટ, સમયનો વિલંબ કર્યા વગર અમરેલી જીલ્લાના દામનગર ખાતેથી ચોરીના આરોપીઓને ગણત્રીના કલાકોમાં ઝડપી પાડે છે. પકડાયેલ આરોપીઓ મહમદ અકીલ સલીમ નુરમહમદ વોરા ધંધો ડ્રાઈવીંગ રે. આરણંદ, અંજુમનબેન મહમદ અકીલ સલીમ નુરમહમદ વોરાની પાસેથી સોના દાગીના રૂા.૩,૫૮,૫૦૦, ચાંદીના દાગીના, રોકડ રકમ, મોબાઈલ ફોન-૪ એરટેલ વાઈફાઈ કેમેરાવાળી પેન સહીત કુલ રૂપિયા ૭,૨૦,૦૫૦નો મુદામાલ કબ્જે કરેલ છે. ઉપરોકત આરોપી સામે અગાઉ ૧૬ ગુન્હાઓ નોંધાયેલા છે. યાત્રાધામોમાં યાત્રીકોની પાર્કીંગમાં રહેલી કારના બારીના કાચ તોડી ચોરી કરવાની ટેવ ધરાવે છે અને ચોરી કરવા આવે ત્યારે વાઈફાઈ ડોંગલ દ્વારા કોલ કરતા હોય છે.

આ ઉપરાંત ઉના ખાતે તા.૨૫/૧૦/૨૦૨૪ના રોજ થયેલ વકીલની ઓફીસની ચોરીમાં પણ બે આરોપીઓને કુલ રૂા.૫૮૨૦૦ના મુદામાલ સાથે બચુભાઈ ઉર્ફે જાડી રમુભાઈ ભદાભાઈ દેવીપૂજક તેમજ સપનાબેન દેવીપૂજકને પકડી પાડેલ છે. આ લોકોએ ત્રણ ચોરીઓ કબુલેલ છે. આ કામના આરોપી ભિક્ષાવૃતિને બહાને દુકાનમાં જઈ દુકાનદાર હાજર ન હોય ત્યારે ચોરી કરવાની ટેવ ધરાવે છે. આરોપી બચુભાઈ સામે મોરબી તાલુકામાં ૬ ગુન્હાઓ નોંધાયેલ છે. જયારે સપનાબેન સામે જેતપુર સીટીમાં એક ગુન્હો નોંધાયેલ છે.

દિવમાં પ્રવાસોઓને સસ્તા ભાવે હોટલનો રૂમ અપાવી દેવાની લાલચ આપી લુંટ કરનાર ૨ ઈસમોને નવાબંદર પોલીસે ઝડપી પાડી કુલ રૂપિયા ૫૧,૫૦૦નો મુદામાલ કબ્જે કરેલ છે જેમાં પરેશ ઉર્ફે પલો જીણા ચૌહાણ સામે અગાઉ પાંચ ગુન્હાઓ નોંધાયેલ છે. જયારે આરોપી વિશાલ પુના પરમાર સામે ત્રણ ગુન્હાઓ નોંધાયેલ છે. આ કામે લુંટ કરનાર આરોપીઓ ઉના વિસ્તારમાં આવારા તત્વો તેમજ અસામાજીક પ્રવૃતિઓ કરાવની ટેવવાળા છે અને આર્થિક હેતુ માટે લુંટનો અંજામ આપે છે.

તાલાળાના ઘુસીયા ગામે તથા તાલાળા સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ ચોરી પણ ૨ આરોપીઓ શશીકાંત ઓઘડ રામ, ભરત ભાવગીરી અપરનાથીને ઝડપી મુદામાલ કબ્જે કરી ત્રણ ગુન્હાઓ ડીટેકટ કરેલ છે. આ સમગ્ર કામગીરી એલસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. એ.બી. જાડેજા, પો.સબ ઈન્સ. એ.સી. સીંઘવ તથા સ્ટાફ, તાલાળા પોલીસ ઈન્સ. જે.એન. ગઢવી તથા નવાબંદર મરીન પો.ઈન્સ. વી.કે. ઝાલા તથા સ્ટાફે કામગીરી બાજવી હતી.






# લગ્નની સિઝન આવી ગઈ, સોનું ફરી ૮૦,૦૦૦ રૂપિયાને પાર !

નવી દિલ્હી, તા.૧૧

ભારતમાં દિવાળી અને છઠ જેવા મોટા તહેવારો બાદ હવે લગ્નની સિઝન આવી ગઈ છે. દેવ ઉથાવની એકાદશીથી દેશભરમાં લગ્નો શરૂ થશે. આ વર્ષે ૪૦ લાખથી વધુ યુગલો લગ્નના બંધનમાં બંધાય તેવી શક્યતા છે. આ સાથે દેશભરના બુલિયન માર્કેટમાં સક્રિયતા વધી છે. સોનાનો ભાવ ફરી એકવાર ૮૦,૦૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. ઓલ ઈન્ડિયા બુલિયન એસોસિએશનના જણાવ્યા અનુસાર, જ્વેલરી ઉત્પાદકો અને છૂટક વેચાણકર્તાઓની માંગમાં વધારાને કારણે દિલ્હીના બુલિયન માર્કેટમાં સોનાના ભાવમાં ફરી એકવાર વધારો થયો છે. તે ૫૦૦ રૂપિયા વધીને ૮૦,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની કિંમતે પહોંચી ગયો છે. જ્યારે ગુરુવારે સોનાનો ભાવ ૭૯,૫૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતો. ચાંદીના ભાવમાં પણ ૮૦૦ રૂપિયાનો વધારો નોંધાયો છે. તેની કિંમત ૯૪,૬૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. જ્યારે ગુરુવારે ચાંદીનો ભાવ ૯૩,૮૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ થયો હતો. જ્વેલરીમાં ૨૪ કેરેટને બદલે ૨૨ કેરેટ સોનું વપરાય છે. દિલ્હીના બુલિયન માર્કેટમાં ૯૯.૫ ટકા શુદ્ધતા એટલે કે ૨૨ કેરેટ સોનાની કિંમતમાં પણ ૫૦૦ રૂપિયાનો વધારો થયો છે. શુક્રવારે તેની કિંમત ૭૯,૬૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ. જ્યારે ગુરુવારે ૨૨ કેરેટ સોનાનો ભાવ ૭૯,૧૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયો હતો. બજારના જાણકારોનું કહેવું છે કે લગ્નની સિઝન માટે સ્થાનિક જ્વેલર્સની માંગ વધી છે. તે જ સમયે, અમેરિકી ડોલર સામે રૂપિયાના ઘટાડાને કારણે, રોકાણકારો ફરીથી સલામત રોકાણ વિકલ્પ તરીકે બુલિયન પર દાવ લગાવે છે. જેના કારણે સ્થાનિક સ્તરે સોનાના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. LKP સિક્યોરિટીઝના રિસર્ચ એનાલિસ્ટ અને વાઈસ પ્રેસિડેન્ટ (કોમોડિટી અને કરન્સી) જતીન ત્રિવેદી કહે છે કે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતાઈ અને ફેડરલ રિઝર્વ દ્વારા પોલિસીની જાહેરાતને કારણે સોનું નબળું રહ્યું હતું. અપેક્ષા મુજબ, ફેડરલ રિઝર્વે વ્યાજ દરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો છે. આ પછી એશિયન માર્કેટમાં કોમેક્સ ગોલ્ડ ફ્યુચર્સ ૧૦ ડોલર પ્રતિ ઔંસ અથવા ૦.૩૭ ટકા ઘટીને ૨,૬૯૫.૭૦ ડોલર પ્રતિ ઔંસ થયું હતું. જ્યારે ચાંદીનો ભાવ પણ ૦.૮૦ ટકા ઘટીને ૩૧.૬૦ ડોલર પ્રતિ ઔંસ રહ્યો હતો.



# સોમનાથ -વેરાવળ એસ.ટી. ડેપોએ દિવાળીના તહેવારોમાં રૂા.૨૧ લાખ ૭૫ હજારની આવક મેળવી

## સોમનાથ કાર્તિક પુર્ણિમાના મેળામાં એસટી બસ દોડશે





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૧

વેરાવળ-સોમનાથ એસટી ડેપો મેનેજર દિલીપ શામળાએ જણાવ્યું હતું કે, દિવાળીના તહેવારોમાં યાત્રિકો-પ્રવાસીઓની સુવિધા અર્થે તા.૨૫/૧૦/૨૦૨૪ થી તા.૮/૧૧/૨૦૨૪ સુધી વેરાવળ એસટી ડેપોએ ૬૫૪ એકસ્ટ્રા ટ્રીપ બસોનું સંચાલન કર્યુ જેમાં ૧૮૪ વાહન વપરાયા તથા કુલ ૬૪૪૮૩ એકસ્ટ્રા કિલોમીટર વહન કર્યુ અને સસ્તુ ભાડુ -સલામતી સાથે કુલ ૩૦,૩૦૮ મુસાફરોએ એકસ્ટ્રા બસોનો લાભ લીધો હતો. જેનું કિલો મીટર દિઠ રૂા.૩૩,૭૩ પૈસા થવા જાય છે. વેરાવળ ડેપોએ જૂનાગઢ વિભાગના ૯ ડેપોમાંથી મહત્તમ સંચાલન હાથ ધરી મહત્તમ આવક મેળવી જેમાં ડ્રાઈવરો, કન્ડકટરો, વહીવટી વિભાગ, મીકેનીક વિભાગ સહીત સર્વનો ખુબજ સહયોગ હોઈ ડેપો મેનેજર દિલીપ શામળાએ તમામ સ્ટાફનો આભાર માન્યો હતો. વિશેષમાં જણાવ્યું હતું કે, સોમનાથ પાંચ દિવસીય કાર્તિક પુર્ણિમા મેળામાં એસટી બસ વેરાવળથી સોમનાથ ટ્રાફીક પ્રમાણે એસટી બસો દોડાવશે અને પ્રજાની સેવામાં તત્પર રહેશે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની મબલખ આવક થવા પામી

ગોંડલ, તા.૧૧

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની મબલખ આવક થવા પામી હતી અને અંદાજે ૫૦થી ૬૫ હજાર કટ્ટાની આવક થવા પામી હતી. હરાજીમાં ૨૦ કિલોના ભાવ રૂ. ૪૦૦થી રૂ.૧૦૦૦ સુધીનો ભાવ બોલાયો હતો. અન્ય રાજયમાંથી વેપારી ડુંગળીની ખરીદી કરવા આવી પહોંચ્યા હતા. માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, રાજસ્થાન, કર્ણાટક, ઓરિસ્સા, મહારાષ્ટ્ર સહિત રાજયોમાંથી મોટી કંપનીઓના વેપારીઓ ડુંગળીની ખરીદી કરવા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આવતા હોય છે અને ખેડૂતોએ મહા મહેનતે પકવેલી ડુંગળીનો સારો ભાવ ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મળી રહે તેવી અમારી એક માત્ર આશા હોય છે. આજરોજ ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની પુષ્કળ આવક થવા પામી હતી અને યાર્ડના સત્તાધીશો દ્વારા અન્ય જાહેરાત ન કરવામાં આવે ત્યાં સુધી ડુંગળીની આવક સદંતર બંધ કરવામાં આવી છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડ વિવિધ જણસીઓની આવકથી ઉભરાતું હોય છે. ત્યારે આજરોજ સૌરાષ્ટ્રભરમાંથી જેવા કે રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ, ભાવનગર, જૂનાગઢ જિલ્લાઓમાંથી ખેડૂતો પોતાની જણસી વેચવા માટે અહીં આવી પહોંચ્યા હતા. તેનું એક માત્ર કારણ એ છે કે સૌરાષ્ટ્રભરના ખેડૂતો પોતાની જણસી વેચવા એકમાત્ર ગોંડલ માર્કેટિંગ યાર્ડને પ્રથમ પસંદગી કરતા હોય છે. કારણકે ખેડૂતોને ગોંડલ યાર્ડમાં પોતાની જણસીઓના જે ભાવ મળે છે. તેટલા ભાવ બીજે ન મળતા હોય તેને લઈને ખેડૂતો ગોંડલ માર્કેટિંગ યાર્ડને પ્રથમ પસંદગી કરતા હોય છે.



# રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલમાં થતો ડ્રોપ આઉટ રેશિયો જાહેર, રાજ્યમાં ૨૩.૦૮% બાળકો ધો. ૮ બાદ સ્કૂલે જતા જ નથી

## સ્કૂલમાં થતો ડ્રોપ આઉટ રેશિયો પર કોંગ્રેસે સરકાર પર પ્રહાર કર્યા, કોંગ્રેસે કહ્યું,"શિક્ષણ વિભાગના જવાબદાર અધિકારીઓને દૂર કરવા જોઈએ"

ગાંધીનગર, તા.૧૧

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલમાં થતો ડ્રોપ આઉટ રેશિયો જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ ધોરણ આઠ બાદ ૨૩.૨૮% વિદ્યાર્થીઓ ધોરણ ૯માં પ્રવેશ મેળવતા જ નથી. જેને લઈને કોંગ્રેસે સરકાર પર પ્રહાર કર્યા છે. કોંગ્રેસના આક્ષેપ છે કે, સરકાર દ્વારા કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમ બનાવવામાં આવી છે. વર્લ્ડ બેંકની અબજો રૂપિયાની લોન લેવામાં આવી છે. વિદ્યા સમીક્ષાના નામે ટીમ બેસાડવામાં આવી છે. પરંતુ કરોડ રૂપિયા ખર્ચ્યા છતાં ડ્રોપ આઉટ રેશિયો ઘટવાની જગ્યાએ વધી રહ્યો છે. જેથી શિક્ષણ વિભાગના જવાબદાર અધિકારીઓને દૂર કરીને સરકારે યોગ્ય પ્લાન સાથે આગળ વધવું જોઈએ.

કોંગ્રેસના પ્રવકતા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ડ્રોપઆઉટ રેશિયો બાબતે ગુજરાત ત્રીજા નંબરે છે. ૨૧ પ્રવેશોત્સવ કરવામાં આવ્યા છે જેમાં કરોડોનો ખર્ચ કરવામાં આવે છે અને જાહેરાતો કરવામાં આવી છે. પરંતુ હકિકત એવી છે કે, ગુજરાતમાં ધોરણ ૮ પછી ૯ અને ૧૦માં ૨૩.૦૧%નો ડ્રોપ આઉટ રેશિયો છે. સૌથી વધારે અમદાવાદમાં એક લાખ કરતા વધારે વિદ્યાર્થીઓ ડ્રોપ આઉટ લીધું છે. આ ઉપરાંત રાજ્યના સાત જિલ્લા એવા છે. જેમાં ૩૦ ટકા કરતાં વધારે ડ્રોપ આઉટ રહેશે. દેશભરમાં ૧૨.૫૦ લાખ બાળકોનો ડ્રોપ આઉટ છે જેમાં ૬.૯૭ લાખ બાળકો જ્યારે પાંચ લાખથી વધુ બાળકીઓ છે.

ડ્રોપ આઉટ રેશિયો વધવાનું કારણ બાળ મજૂરી છે. પરિવારને આર્થિક જરૂરિયાત હોવાથી બાળકો અભ્યાસ છોડીને મજૂરી કામ કરવા લાગે છે. ગ્રામ્ય વિસ્તારમાં મોટાપાયે પ્રાથમિક સ્કૂલો મર્જ થવા લાગી છે. જેની સાથે માધ્યમિક સ્કૂલનો પણ અભાવ છે અને ખાનગી સ્કૂલો વધી છે. જેથી ગ્રામ્યના સામાન્ય પરિવારના બાળકોને ભણવું હોય તો ખાનગી સ્કૂલમાં ભણી શકે તેમ નથી. જેથી ડ્રોપ આઉટ વધી રહ્યો છે. આ ઉપરાંત શિક્ષકોની ખાલી જગ્યા અને વર્ગ ખંડમાં શિક્ષણના અભાવે પણ બાળકો અભ્યાસ કરી શકતા નથી. સરકારે ડ્રોપ રેશિયો ઘટાડવો હોય તો જવાબદાર અધિકારીઓ સામે પગલાં લઈ પાંચ વર્ષનો પ્લાન તૈયાર કરવો જોઈએ ત્યારે ડ્રોપ રેશિયો ઘટશે.



# રાજકોટ નાગરિક બેન્કમાં ભાજપ- સંઘનાં બે જૂથો વચ્ચે ઘમાસાણ

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ,તા.૧૧

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ એવી ૭૧ વર્ષ પહેલા તા. ૫-૧૦-૧૯૫૩ના માત્ર ૫,૦૦૦ કરતા ઓછી રકમ અને ૫૯ સભ્યોથી શરૂ થયેલી અને સંઘ,જનસંઘ અને ભાજપના સ્વ.કેશુભાઈ પટેલ, સ્વ.અરવિંદ મણિયાર, વજુભાઈ વાળા સહિતના નેતાઓ તેના વડા રહી ચૂક્યા છે તે રાજકોટ નાગરિક સહકારી બેંક આજે વર્ષે રૂા ૧૦ હજાર કરોડનો બીઝનેસ અને ૩ લાખથી વધુ શેર હોલ્ડર્સ ધરાવે છે. આ બેંક પર સત્તા ટકાવવા,મેળવવાનો ભાજપ-સંઘ સાથે જોડાયેલા નેતાઓ વચ્ચે જ જંગ શરૂ થયો છે. નિયમને ચાતરીને આજે કલ્પક મણિયારે સંસ્કાર પેનલના નામે ઉમેદવારી નોંધાવતા ચકચાર જાગી છે.

આમ, તો નાગરિક બેંકના ડિરેકટરોની પસંદગી અઢી દાયકાથી ઘરમેળે થતી રહી છે, આ વર્ષે પણ ભાજપ અને સંઘના નેતાઓએ સમાધાન માટે પ્રયાસો કર્યા પણ બન્ને જૂથો મક્કમ છે અને ૧૯૯૬-૯૭ પછી ૨૭ વર્ષ બાદ ચૂંટણી યોજાવા જઈ રહી છે.ભાજપના માર્ગદર્શનમાં 'સહકાર પેનલ 'ના નામથી ૨૧ ઉમેદવારોએ નામાંકન ભરાયા છે તેમાં રાજકોટ આરએસએસના જિલ્લા કાર્યવાહ દિનેશ પાઠકથી માંડીને અમદાવાદ ઓડાના પૂર્વ ચેરમેન સુરેન્દ્ર પટેલ સહિતના અગ્રણીઓ છે. તેમની સામે બેંકમાં પચીસ વર્ષ કરતા વધુ સમયથી ડિરેકટર, બે ટર્મ ચેરમેન પદે રહેલા અને સંઘ સાથે પેઢી દર પેઢીથી જોડાયેલા મણિયાર પરિવારના કલ્પક મણિયાર અને તેમની સાથે અન્ય ૧૩ સહિત ૧૪ આગેવાનોએ સંસ્કાર પેનલના નામથી આજે ઉમેદવારી નોંધાવી છે.

બેંકના વર્તમાન ચેરમેન સહિતના સિનિયર હોદેદારોએ જણાવ્યું કે બેંકમાં સતત ૮ વર્ષ સુધી ડિરેકટર પદે રહ્યા હોય તેઓ ચૂંટણી લડી શકતા નથી અને તે કારણે વર્તમાન ડિરેકટરોમાં આવા કોઈ હોદેદારે ચૂંટણીમાં ઝુકાવ્યું નથી. ખુદ કલ્પક મણિયારે એક વિડીયોમાં કહ્યું હતું કે નાગરિક બેંકમાં કોઈ અનુભવી આગેવાનો ચૂંટણી લડી શકવાના નથી.

C M Y K C M Y K C M Y K

# કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ કેશોદમાં રેલવે અંડર બ્રીજની કામગીરીનું નિરીક્ષણ કર્યું



## કેન્દ્રીય મંત્રીએ ઝડપભેર રેલવે અંડર બ્રીજનું કામ પૂર્ણ કરવા આપી સૂચના : રેલવે અંડર બ્રિજનું ૭૦ ટકા કામ પૂર્ણ : અંદાજે રૂ.૨૧ કરોડના ખર્ચે બની રહેલા રેલવે અંડર બ્રીજ બનવાથી લોકોને ટ્રાફિકની સમસ્યા માંથી મળશે મોટી રાહત

જૂનાગઢ તા.૧૧

ભારત સરકારના શ્રમ રોજગાર અને રમતગમત મંત્રી મનસુખભાઈ માંડવીયાએ જૂનાગઢના જિલ્લાની મુલાકાત દરમિયાન કેશોદ શહેરના ચાર ચોક ખાતે રેલવે અંડર બ્રીજના ચાલી રહેલ કામનું નિરીક્ષણ કર્યું હતું. કેન્દ્રીય મંત્રીએ ઝડપભેર રેલવે અંડર બ્રીજનું કામ પૂર્ણ કરવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે ખાસ રેલવેના અધિકારી સાથે ટેલીફોનિક વાતચીત કરી હતી. તેમણે આ અંડર બ્રીજના નિર્માણ માટે જરૂરી રેલવે રીલીવિંગ ગડર વહેલી તકે ઉપલબ્ધ થાય તે માટે સૂચના આપી હતી. જેથી સમય મર્યાદામાં આ રેલવે અંડરબ્રીજનું કામ પૂર્ણ કરી શકાય. કેશોદના ચાર ચોક ખાતે અંદાજે રૂા.૨૧ કરોડના ખર્ચે બની રહેલા આ રેલવે અંડર બ્રીજથી લોકોને ટ્રાફિકની સમસ્યામાંથી મોટી રાહત મળશે. હાલ ૭૦ ટકા જેટલી રેલવે અંડર બ્રિજની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર દ્વારા ફાટક મુક્ત અભિયાન હેઠળ જરૂરી કામગીરી કરવામાં આવી રહી છે. આ તકે ધારાસભ્ય દેવાભાઈ માલમ, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, પ્રાંત અધિકારી કિસન ગરચર, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીના અધિકારીશ્રીઓ સ્થાનિક પદાધિકારી-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગિરનારની લીલી પરિક્રમાને લઈ એસટી દ્વારા વધારાની બસ શરૂ કરાઈ

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ ગરવા ગિરનારની પરિક્રમા શરૂ થવા જઈ રહી છે ત્યારે ધાર્મિક જનતા, મુસાફરને ધ્યાને લઈ જૂનાગઢ એસટી વિભાગ દ્વારા એકસ્ટ્રા બસનું સંચાલન કરવા આવેલ છે. જૂનાગઢથી અમદાવાદ બરોડા સુરત રાજકોટ ભુજ મોરબી, ભાવનગર, દ્વારકા, ખંભાળીયા, જામનગર, ભાણવડ, સુરેન્દ્રનગર, સોમનાથ, વેરાવળ, ઉના, કોડીનાર, અમરેલી, સાવરકુંડલા, રાજુલા, સતાધાર, પરબધામ આવવા જવા માટે યાત્રાળુઓ માટે ૨૨૫ બસ ફાળવવામાં આવી છે અને ગિરનારની પરિક્રમામાં આવતા શ્રધ્ધાળુઓ માટે જૂનાગઢ એસટી બસ સ્ટેન્ડથી ભવનાથ જવા માટે તા.૦૯-૧૧-૨૦૨૪ નાં રોજ જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાના હાથે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. લીલી ઝંડી આપી ભવનાથ તરફ યાત્રાળુઓ સાથે બસને પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ તકે જૂનાગઢ વિભાગીય નિયામક રાવલ, ડી.એમ.ઈ. દવે, ડીટીઓ ખાંભલા ડેપો મેનેજર મકવાણા અને ત્રણેય યુનિયનનાં હોદ્દેદારો હાજર રહ્યા હતા.

# જૂનાગઢ : રોપ-વેના ભાડા વધારાનો ડોળી એસોસિએશન દ્વારા ભારે વિરોધ : આજે આવેદનપત્ર અપાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ખાતે કાર્યરત રોપવેના તાજેતરમાં થયેલા ભાડા વધારાનો ડોળી એસોસિએશન દ્વારા ભારે વિરોધ્ધ દર્શાવવામાં આવેલ છે અને ગઈકાલે હડતાળનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્યારે આ પ્રશ્નને લઈનો આજે જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવનાર છે. ગિરનાર ઉપર ડોળીની ફેરી કરનાર ભાઈઓએ રવિવારે એક દિવસ હડતાળ પાડી રોપ-વેના ભાડા વધારાનો વિરોધ વ્યકત કર્યો હતો.મૂળ વાત હતી ડોળીવાળાને ફ્રીમાં પાસ આપવાની તેને બદલે ૫૨૫ રૂપિયા ભાડું વસુલાય છે. ત્યારે ફ્રીમાં પાસ ન આપે તો ભાડામાં ઘટાડો કરીને ૧૦૦ રૂપિયા ભાડું લેવામાં આવે તેવી માંગ કરાઈ છે. આ મુદ્દે સોમવારે જિલ્લા કલેકટરને આવેદન આપી રજૂઆત કરવામાં આવશે. ગિરનાર પર ડોળીની ફેરી કરનાર ૫૦૦થી વધુ ભાઈઓએ રવિવારે હડતાળ પાડી રોપ-વેની સાઈટ નજીક બેસી વિરોધ વ્યકત કર્યો હતો. ડોળી એસોસિએશનના રમેશ બાવળીયાએ જણાવ્યું હતું કે, જ્યારે રોપ- વે શરૂ થયો ત્યારે ઉષાબ્રેકો કંપની દ્વારા ખાત્રી અપાઈ હતી કે, ડોળી વાળાને પાસ અપાશે જેથી રોપ-વેમાં ફ્રીમાં જઈ - આવી શકશે.પરંતુ આ ખાત્રીનો ઉલાળ્યો કરાયો છે. એટલું જ નહિ ભાડામાં પણ વધારો ઝીંકી દેવાયો છે. હાલ ડોળીની ફેરી કરનાર પાસેથી ૫૨૫ રૂપિયા ભાડું વસુલાય છે. ત્યારે ડોળી વાળા બે વ્યકિત જાય એટલે ૧,૦૦૦ નો ખર્ચ લાગે છે. ક્યારેક કોઈ ફેરો ન મળે તો ૧,૦૦૦નો ધુંબો લાગે છે. જેથી અમારી માંગણી છે કે ફ્રી પાસ ન આપે તો કંઈ નહિ, પરંતુ ડોળી વાળા પાસેથી ૧૦૦ રૂપિયા જ ભાડું લેવું જોઈએ. આમ, ભાડા વધારાના વિરોધમાં ૫૦૦થી વધુ ડોળીવાળા ભાઈઓએ રવિવારે એક દિવસીય હડતાળ પાડી હતી અને ભારે વિરોધ દર્શાવ્યો હતો. જ્યારે આ પ્રશ્નને લઈને આજે ડોળી એસોસિએશન દ્વારા જીલ્લા કલેકટરને એક આવેદનપત્ર પાઠવી અને રજુઆત કરવામાં આવી રહી છે.

# ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન કાયદો વ્યવસ્થા અને ટ્રાફિક નિયમન માટે માર્ગો વન-વે જાહેર કરાયા : ભવનાથ જવા અને આવવા માટે માર્ગો વન-વે રહેશે

જૂનાગઢ તા.૧૧

ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન ટ્રાફિક નિયમન અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે જૂનાગઢ શહેરમાંથી ભવનાથ જવા અને ભવનાથથી જૂનાગઢ શહેર તરફ આવવા માટેના રસ્તાઓ વન વે જાહેર કરવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ જાહેરનામું પ્રસિદ્ધ કરીને એક માર્ગીય રસ્તા જાહેર કર્યા છે, તેમાં જૂનાગઢ શહેરમાંથી ભવનાથ જવા માટે ભરડાવાવથી સ્મશાન સુધી અને વડલી ચોક થી ભવનાથ મંદિર મૃગીકુંડક તળાવની પાળ સુધી અને ભવનાથથી જૂનાગઢ શહેર તરફ આવવા માટે મંગલનાથની જગ્યાએથી વડલી ચોક સુધી અને સ્મશાનથી ગિરનાર દરવાજા સુધીના એક માર્ગીય રસ્તો રહેશે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી તા.૧૫-૧૧-૨૦૨૪ સુધી કોઈપણ પ્રકારના વાહનોની (સરકારી વાહનો અને ફરજ ઉપરના અધિકારીઓના વાહનો સિવાય) ભવનાથ તળેટીથી આગળ પરિક્રમાના રસ્તાઓ ઉપર અવરજવર કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. ઉપરાંત આ હુકમ ગિરનાર પરિક્રમા સંલગ્ન વિવિધ વિભાગોના ફરજ પરના વાહનો તથા અન્ય સરકારી વાહનો તથા ફરજ ઉપરના અધિકારીના વાહનો અને નાયબ વન સંરક્ષકશ્રી, જૂનાગઢ તરફથી જેમને વાહનના પાસ અપાયેલ છે. તેવા સ્વૈચ્છિક સંસ્થાઓના વાહનો તેમજ પોલીસ વિભાગ તરફથી પાસ અપાયેલ હોય તેવા વાહનોને લાગુ પડશે નહીં.

# ગિરનાર લીલી પરિક્રમાના રૂટમાં ફટાકડા લઈ જવા, વેચાણ કરવા અને ફોડવા પર પ્રતિબંધ

જૂનાગઢ તા.૧૧

ગરવા ગિરનારની પરિક્રમા તા.૧૨-૧૧-૨૦૨૪થી તા.૧૫-૧૧-૨૦૨૪ દરમ્યાન યોજનાર છે. આ પરિક્રમા દરમિયાન ભવનાથ તળેટી તથા પરિક્રમાના રૂટ ઉપર બહોળા પ્રમાણમાં યાત્રિકો-ભાવિકો પધારે છે, ત્યારે ગિરનાર અનામત જંગલ વિસ્તારમાં આગ લાગવાના અને અનિચ્છનીય બનાવો ન બને તે માટે ગિરનાર પરિક્રમા રૂટમાં જંગલ વિસ્તારમાં કોઈ પણ પ્રકારના ફટાકડા લઈ જવા, વેચાણ કરવા તેમજ ફોડવા પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ જાહેરનામું પ્રસિદ્ધ કરીને પ્રતિબંધ ફરમાવ્યો છે.

# ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન ચેપી રોગ અટકાવવા અને જાહેર સુખાકારી માટે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

જૂનાગઢ તા.૧૧

ગિરનાર લીલી પરિક્રમામાં ખૂબ મોટી સંખ્યામાં યાત્રાળુઓ એકત્રિત થતાં હોય, ત્યારે ખાસ બહોળી સંખ્યામાં એકત્ર થતા લોકોને ધ્યાનમાં રાખી ચેપીરોગ અટકાવવા તથા જાહેર સુખાકારીના પગલાના ભાગરૂપે જૂનાગઢ શહેર તેમજ ભવનાથ તળેટી અને તેની આસપાસના ફરતા ૮ કિ.મી ના અંતરમાં જરૂરી અમલવારી માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ જાહેરનામુ બહાર પાડ્યું છે. આ જાહેરનામા મુજબ પીવાના પાણીનો બગાડ થાય તથા પાણી પીવાલાયક ન રહે તેવા કૃત્યો કરવા નહીં, જાહેર તંદુરસ્તીને નુકસાન પહોંચાડે તેવી રીતે ખાદ્ય પદાર્થો રાખવા નહીં, ખાદ્ય પદાર્થોને ધૂળ લાગે તથા માખીઓ બેસે તે રીતે રાખવા નહીં, આરોગ્ય ખાતાના અધિકારી કર્મચારીઓની સૂચના વિરૂદ્ધ ખાદ્ય પદાર્થ રાખવા કે વેચાણ કરવા નહીં, રક્તપિત અને ચેપી રોગ વાળા શખ્સોએ પરિક્રમા રૂટ ઉપર દાખલ થવું નહીં અને ગંદકી કરવાની રહેશે નહીં. આ જાહેરનામું તાત્કાલિક અસરથી તા.૧૫-૧૧-૨૦૨૪ સુધી અમલમાં રહેશે.





# રાષ્ટ્રીય શિક્ષણ દિવસ

સપ્ટેમ્બર ૨૦૦૮માં, ભારત સરકારે ૧૧ નવેમ્બરને રાષ્ટ્રીય શિક્ષણ દિવસ તરીકે જાહેર કર્યો. નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે ૧૧ નવેમ્બર, ૨૦૦૮ના રોજ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ દ્વારા પ્રથમ ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આ દિવસ વ્યક્તિ અને સમાજ બંનેને ઘડવામાં શિક્ષણની મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડે છે. રાષ્ટ્રીય શિક્ષણ દિવસ દરેકને શિક્ષણ સુલભ છે અને લોકોને સશક્ત બનાવે છે તેની ખાતરી કરીને તેના વારસાનું સન્માન કરવા હાકલ કરે છે. તે શિક્ષણના અંતરને બંધ કરવાની, આલોચનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપવાની અને યુવાનોને સતત બદલાતી દુનિયામાં સફળ થવા માટે જરૂરી કૌશલ્યોથી સજ્જ કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. ૨૦૦૮ માં માનવ સંસાધન વિકાસ મંત્રાલય (હવે શિક્ષણ મંત્રાલય તરીકે ઓળખાય છે) દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી. આ દિવસને મનાવવા પાછળનો ઉદ્દેશ મૌલાના અબુલ કલામ આઝાદના શિક્ષણ પ્રત્યેના યોગદાન અને તેમની માન્યતાને પ્રકાશિત કરવાનો છે. જ્ઞાન વ્યક્તિઓને સશક્ત કરી શકે છે અને રાષ્ટ્રોને બદલી શકે છે.

# આવતીકાલે દેવ દિવાળી : તુલસી વિવાહનાં ઠેર-ઠેર કાર્યક્રમો



## ભગવાન શાલીગ્રામ અને તુલસીજીનાં લગ્નમાં મહાલશે ભાવિકો

જૂનાગઢ તા.૧૧

આવતીકાલે દેવ ઉઠી એકાદશી એટલે દેવ દીવાળીનાં પાવનકારી દિવસની સૌરાષ્ટ્રમાં ભાવભેર ઉજવણી કરવામાં આવનાર છે અને ઠેર-ઠેર તુલસી વિવાહના કાર્યક્રમો યોજવામાં આવશે.

દીપાવલી, નૂતનવર્ષ, ભાઈબીજ અને જલારામ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરાયા બાદ આવતીકાલે દેવ દીવાળીનાં પર્વની પણ ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આપણે ત્યાં દેવદીવાળીનું આગવું મહત્વ રહેલું છે અને આનંદ-તેમજ ભક્તિભાવ પૂર્વક મનાવવામાં આવે છે. ખાસ કરીને જૂનાગઢમાં ગરવા ગિરનાર ક્ષેત્રમાં દરવર્ષે યોજાતા પરિક્રમાનો મેળો ખુબ જ ધામધૂમથી યોજાય છે. પાંચ દિવસનાં પરિક્રમાનાં મેળાનો દેવ દીવાળીનાં દિવસથી મધ્યરાત્રીએ પ્રારંભ થાય છે અને પરીક્રમાનું પુનીત ભાથુ બાંધવા લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે.

દેવ દીવાળીનાં દિવસે ભગવાન શાલીગ્રામ અને તુલસીમાતાનાં લગ્ન પણ યોજાય છે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રનાં ગામે-ગામ તુલસી વિવાહનાં કાર્યક્રમો ઉત્સાહપૂર્વક યોજાય છે.

ભગવાનનાં લગ્ન સમારોહ યોજાયા બાદ લગ્નસરાની મોસમ શરૂ થાય છે અને જેની પણ તડામાર તૈયારીઓ શરૂ થઈ છે. આવતીકાલે દેવ દીવાળીનાં પર્વની જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ભાવપૂર્વક ઉજવણી થશે લોકો પોતાનાં ઘર આંગણે દીપક પ્રગટાવશે, આકર્ષક રંગોળી બનાવાશે, તેમજ રોશનીથી શણગારી ફટાકડાની આતશબાજી સાથે પર્વને મનાવશે. ઉપરાંત ભગવાન શાલીગ્રામ અને તુલસીમાતાજીનું પૂજન કરી સાકરનો પ્રસાદ ધરાવી તેમજ શેરડીનો સાંઠો ધરી અને ભગવાનની તેમજ ઠાકોરજીની પૂજનવીધી કરશે આમ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં દેવ દીવાળીનાં પર્વની ભાવભેર ઉજવણી કરાશે. તુલસી વિવાહનાં ઠેર-ઠેર કાર્યક્રમો સાથે લોકોમાં ભારે ઉત્સાહપ્રવર્તી રહ્યો છે.

# ઈકોઝોનની અંતિમ લડાઈને મજબૂત બનાવવા તાલાલા તાલુકાનાં ચિત્રાવડ ગામે પ્રવીણ રામે બોલાવેલી જનસભામાં વિશાળ સંખ્યામાં જનમેદની ઉમટી





**આ વિશાળ જનસભામાં ઇકોઝોનની લડતના પ્રણેતા પ્રવીણ રામે મતના બહિષ્કારની તેમજ આગામી પ્રોગ્રામો જાહેર કર્યા : ઇકોઝોન માટે લડત લડનાર આપનેતા પ્રવીણ રામે આવનારી ૧૫ થી ૧૮ તારીખને ઇકોઝોન મહાસંગ્રામ તરીકે જાહેર કરીને આવનારા સમયમાં તાલાલામાં ટ્રેક્ટર રેલીની જાહેરાત કરી**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

ઈકોઝોન માટે જાહેરનામાની અંતિમ તારીખ ૧૮ હોવાથી હવે લડાઈ અંતિમ તબક્કામાં પહોંચી છે, ઈકોઝોનનું પ્રાથમિક જાહેરનામું બહાર પડ્યા બાદ ગીરમાં ખુબ વિરોધ નોંધાયો હતો, ગીરમાં અનેક રેલીઓ ,સભાઓ તેમજ નવરાત્રી અને દિવાળીમાં અનેક વિરોધો નોંધાયા હતા જેમના કારણે સરકારની ચિંતામાં વધારો પણ થયો હતો પરંતુ ૧૮ તારીખ અંતિમ તારીખ હોવાથી હવે ઈકોઝોનની અંતિમ લડાઈ દિવસેને દિવસે મજબૂત બની રહી છે, આ અંતિમ લડાઈને મજબૂત બનાવવા માટે ઈકોઝોન માટે લડત લડનાર આપનેતા પ્રવીણ રામે તાલાલા તાલુકાનાં ચિત્રાવડ ખાતે ખેડૂતોની એક વિશાળ જનસભા બોલાવી હતી ,આ જનસભામાં હજારોની સંખ્યામાં ખેડૂતો ઉમટી પડ્યા હતા જેમની અંદર હાજર તમામ લોકોએ ઈકોઝોનને નાબૂદ કરવાની જ માંગ કરી હતી તેમજ હાજર તમામ લોકોએ ટૂંક સમયમાં આવનાર પેટાચૂંટણીમાં મતદાનના બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી ત્યારે ઈકોઝોન માટે લડત લડનાર આપનેતા પ્રવીણ રામે ભાજપ સામે ચીમકી ઉચ્ચારતા કહ્યું હતું કે જો સરકાર મતદાનના બહિષ્કારથી નહિ સમજે તો આવનારી ચૂંટણીમાં લોકો ભાજપનો પણ બહિષ્કાર કરશે. વધુમાં ઈકોઝોનની લડતના પ્રણેતા પ્રવીણ રામે આગામી પ્રોગ્રામો જાહેર કરતા જણાવ્યું હતું કે આવનારી ૧૫ થી ૧૮ તારીખો ઈકોઝોન મહાસંગ્રામ તરીકે જાહેર કરાશે અને ઈકોઝોન મહાસંગ્રામ અંતર્ગત તાલાલામાં વિશાળ ટ્રેક્ટર રેલીનું આયોજન થશે તેમજ વિસાવદર ખાતે અને અન્ય તાલુકાઓમાં પણ મોટા પ્રોગ્રામોનું આયોજન થયું હતું. આ પ્રોગ્રામમાં આપનેતા પ્રવીણ રામની સાથે સાથે આપના આગેવાનો કરશનબાપુ, ડો હિતેશ વઘાસીયા,દેવેન્દ્ર સોલંકી,સેજલબેન ખૂંટ, હરેશભાઈ સાવલીયા, ડી બી સોલંકી, ભીમસી પંડિત તેમજ સ્થાનિક આગેવાનો વિજયભાઈ હીરપરા, જાફરભાઈ, ફિરોજભાઈ, સિરાજભાઈ, રાજભાઈ તેમજ અનેક સરપંચો અને અનેક આગેવાનો હાજર રહ્યા હતા.

# ગિરનાર ઉપર ઈજાગ્રસ્ત યાત્રિકને ડોળીવાળાએ સારવાર અપાવી

જૂનાગઢ તા.૧૧

તાજેતરમાં ગિરનાર ઉપર એક યાત્રિક પડી જતાં ઈજાગ્રસ્ત થતા તેમને ડોળીવાળાએ હડતાલ હોવા છતાં તેમણે નીચે ઉતારી અને હોસ્પિટલ ભેગા કર્યા હતા અને માનવતાનું ઉદાહરણ પુરૂ પાડયું હતું.

# ગિરનાર લીલી પરિક્રમામાં આવતા યાત્રાળુઓ માટે પાર્કિંગ સ્થળો જાહેર કરાયા

જૂનાગઢ તા.૧૧

ગિરનાર લીલી પરિક્રમામાં આવતા યાત્રાળુઓ માટે પાર્કિંગ સ્થળ જાહેર કરવામાં આવ્યા છે. ગિરનાર લીલી પરિક્રમામાં આવતા યાત્રાળુઓ માટે જાહેર પાર્કિંગ સ્થળોમાં તમામ પ્રકારના વાહનો માટે નીચલા દાતાર પાસે ખુલ્લી જગ્યા અને ટુ-વ્હીલર પ્રકારના વાહનો માટે જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ સામે જાહેર પાર્કિંગનો સમાવેશ થાય છે. તમામ પ્રકારના વાહન માટે પ્રાઈવેટ વાહન પાર્કિંગના સ્થળોમાં મજેવડી રોડ જુના દારૂખાનાની ખુલી જગ્યા, શ્રી શશીકાંતભાઈ દવેની વાડી, (મજેવડી દરવાજાથી ભરડાવાવ રોડ, જિલ્લા જેલની વાડી પર) શ્રી ભાગચંદ ભાઈ ઉર્ફે કાળુભાઈ મહાસાગરવાળાની વાડી તરીકે ઓળખાતી જમીન- મજેવડી દરવાજાથી ભવનાથ તરફ જતો રસ્તો અને પાંજરાપોળ ગૌશાળા ફાયર બ્રિગેડની દાતાર રોડ ખાતે વાહન પાર્ક કરી શકાશે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ જાહેરનામું પ્રસિદ્ધ કરીને જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ પાર્કિંગ સ્થળો જાહેર કર્યા છે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી તા.૧૫-૧૧-૨૦૨૪ સુધી અમલમાં રહેશે.


**જાહેર નિવિદા નં.૧૨/૨૦૨૪-૨૫**

કાર્યપાલક ઇજનેર, માર્ગ અને મકાન વિભાગ-ગીર સોમનાથ વેરાવળ(ટેલીફોન ૦૨૮૭૬-૨૨૦૨૩૭)ની કચેરી દ્વારા રીપેરીંગ ઓફ સબ ટ્રેઝરી ઓફિસ એટ ઉના કલર વર્ક, પ્લાસ્ટર, ફલોરીંગ, ટોઇલેટ રીપેરીંગ, ઇલે. વર્ક વગેરેની કામગીરી માટે જેની અંદાજીત રકમ **રૂ.૬.૫૧ લાખ** થાય છે. આ કામના ટેન્ડર તા.૧૨/૧૧/૨૦૨૪ થી તા.૨૦/૧૧/૨૦૨૪ સુધી ઓનલાઇન ભાવો ભરી શકાશે. આ કામના ટેન્ડરો web-site rnbtender.nprocure.com ઉપરથી ઓનલાઈન ભરવાનાં રહેશે. આ કામની વધુ વિગત કચેરી સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાથી આપવામાં આવશે. આ કામો અંગેની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ અને માહિતિ વિભાગની વેબસાઈટ www.tender.nprocure.com પર જોવા મળશે.

માહિતી/જૂના/૬૦૯/૨૦૨૪


# ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન ટ્રાફિક નિયમન માટે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું : ભરડાવાવ-ગિરનાર દરવાજાથી ભવનાથ તરફ જવા માટે વાહનોની પ્રવેશબંધી રહેશે

જૂનાગઢ તા.૧૧

ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન અકસ્માત નિવારવા, લોકોની અવરજવરને અડચણ ન થાય અને ટ્રાફિકનું નિયંત્રણ કરવા માટે વાહનોની પ્રવેશબંધી માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ તાત્કાલિક અસરથી તા.૧૫-૧૦-૨૦૨૪ સુધી તમામ પ્રકારના વાહનો જેમાં (જી.એસ.આર.ટી.સી. મીની બસ સિવાય) ભરડાવાવ-ગિરનાર દરવાજાથી ભવનાથ તરફ જવા માટે પ્રવેશબંધી રહેશે. લોકોની આવક વધુ થાય ત્યારે જાહેર સલામતીના હેતુસર પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને તમામ પ્રકારના વાહનોની અવરજવર ઉપર પોલીસ તંત્ર પ્રતિબંધિત કરી શકશે. ગિરનાર પરિક્રમાની કામગીરી સાથે સંકળાયેલા સરકારના સંબંધિત ખાતા તથા પોલીસ ખાતા દ્વારા મંજૂરી આપવામાં આવી હોય તેવા પાસવાળા વાહનોને આ જોગવાઈ લાગુ પડશે નહીં. ભવનાથ વિસ્તારમાં કાયમી ધોરણે વસવાટ કરતાં સ્થાનિક રહેવાસીઓને આ જોગવાઈ પણ લાગુ પડશે નહીં. પરંતુ તેઓએ ફરજ પરના પોલીસ- ટ્રાફિક અધિકારીની સુચના અનુસાર અવરજવર કરવાની રહેશે.


**ઔદ્યોગિક તાલીમ સંસ્થા-માંગરોળ**

**જાહેરાત**

**પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરની માનદ સેવાઓ આમંત્રિત કરવા બાબત**

રોજગાર અને તાલીમ ખાતા નિયંત્રણ હેઠળની રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા–માંગરોળ,મુ.શિલ,જિ.જુનાગઢમાં કોસ્મેટોલોજી વ્યવસાયમાં સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરની નિયમિત જગ્યાઓ ન ભરાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થારૂપે પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરની માનદ્ સેવાઓ માટે રસ ધરાવતા ઉમેદવારો પાસેથી બ્યુટી કલ્ચર એન્ડ હેર ડ્રેસીંગ ગ્રુપ માટે અરજીઓ મંગાવવામાં આવે છે.પિરીયડ દીઠ રૂ. ૯૦/- લેખે મહત્તમ દૈનિક ૬ કલાક્ માટે મહત્તમ દૈનિક માનદ્ વેતન રૂ.૫૪૦/-ના દરે માસિક રૂ.૧૪૦૪૦/-થી વધુ નહીં તે રીતે માનદ્ વેતન ચુકવવામાં આવશે.ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત, અનુભવ સાથેની વિગતવાર અરજી તથા તમામ આધારભુત પુરાવાઓ રજૂ કરવાના રહેશે.અરજી ફોર્મમાં સંપર્ક નંબર આપવો ફરજિયાત રહેશે. લાયકાતના ધોરણો NCVT દ્વારા નિયત થયેલ જે તે ટ્રેડના સિલેબસ મુજબ તથા ખાતાના પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ રહેશે.લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે દર્શાવેલ સરનામે સંપર્ક કરવા વિનંતી.CITS પાસ ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

આ સંપૂર્ણ પ્રક્રિયા મેરીટ આધારિત રહેશે.પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર તરીકે આવનાર ઉમેદવારનો કોઇ અન્ય સેવા વિષયક હક્કદાવો રહેશે નહીં તે મુજબનું લેખિતમાં એફિડેવિટથી બાંહેધરી પત્ર આપવાનું રહેશે.ઉમેદવારે તમામ પુરાવાની સ્વ-પ્રમાણિત નકલો સાથે અરજી ફક્ત રૂબરૂ/RPADથી કરવાની રહેશે.આ અંગેની વધુ માહિતી સંસ્થા ખાતે કામકાજના દિવસોએ રૂબરૂ કચેરી સમય દરમ્યાન/દૂરભાષ નંબર (૦૨૮૭૮)૨૮૧૫૧૫ ઉપર સંપર્ક કરવાથી મેળવી શકાશે.સમયમર્યાદા બાદ મળેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં તેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

**સંસ્થામાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ:** તા.૧૫/૧૨/૨૦૨૪ ૧૭:૦૦ કલાક સુધી

**અરજી મોકલવાનું અને મુલાકાતનું સરનામું:** સહી/-

આચાર્યશ્રીની કચેરી — અધ્યક્ષ,પસંદગી સમિતિ

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, — ઔદ્યોગિક તાલીમ સંસ્થા-માંગરોળ

ઝરીયાવાડા રોડ,મુ.શિલ,તા.માંગરોળ,જિ.જુનાગઢ

ગુજરાત-૩૬૨૨૪૦.

માહિતી/જૂના/૬૦૭/૨૦૨૪

ભજન, ભોજન અને સેવાના સંગમ અને જંગલમાં મંગલ એવી

# ગરવા ગિરનારની લીલી પરિક્રમા એક દિવસ વહેલી શરૂ થઈ ગઈ : ૧ લાખ ભાવિકો ઉમટી પડયા






## આવતીકાલે મધ્યરાત્રીએ પરિક્રમાનો વિધીવત પ્રારંભ થશે : ૩૬ કિમીની પરિક્રમાનું પુનીત ભાથું બાંધવા ભાવિકો લાખોની સંખ્યામાં ઉમટી પડશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો આવતીકાલ મંગળવારથી શુભારંભ થઈ રહ્યો છે ત્યારે પરિક્રમાને લઈને તડામાર તૈયારીઓને ઓપ આપવામાં આવી રહ્યો છે. આ વર્ષે ૧૫ લાખ કરતા વધારે ભાવિકો ઉમટી પડે તેવી ધારણા છે. દરમ્યાન આજે ભાવિકોના ભારે ધસારાને લઈ વન વિભાગ દ્વારા પરિક્રમાનો ગેઈટ ખેલી નાખવામાં આવતા ૧ લાખથી વધુ ભાવિકો પરિક્રમા માટે રવાના થયા છે. જૂનાગઢ નજીક આવેલા ગિરનાર ક્ષેત્ર એટલે સંતોની પાવનકારી ભૂમિ આવી પવિત્ર ભૂમિ ઉપર દેવ દિવાળીના દિવસથી જ દર વર્ષે ગિરનારની પરિક્રમા યોજાઈ છે. પરિક્રમાના મેળામાં અંદાજીત દશ લાખ ઉપરાંત ભાવિકો ઉમટી પડતા હોય છે. આ વર્ષે પરિક્રમાના ૧૫ લાખથી પણ વધારે ભાવિકો ઉમટી પડે તેવી ધારણા છે. ગિરનાર ક્ષેત્રમાં યોજાતી લીલી પરિક્રમાનું ખુબ જ મહત્વ રહેલું છે. વર્ષો પહેલા નાના સંઘ દ્વારા પરિક્રમા થતી હતી અને સમય જતા લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડે છે. ગિરનારની ફરતે ૩૬ કિમીની આ પરિક્રમામાં સેવાનું પુનીત ભાથું બાંધવા ભાવિકો ઉમટી પડે છે. ભવનાથ, બોરદેવી, માળવેલા, જીણાબાવાની મઢી વિગેરે પડાવ ઉપર રાત્રીના સમયે પરિક્રમાર્થીઓ વિરામ લે છે. જંગલમાં મંગલ જેવું વાતાવરણ સર્જાય છે. ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ રચાઈ છે. ગિરનાર ક્ષેત્રમાં આવેલા ધાર્મિક સ્થળોએ તેમજ ઉતારાઓમાં પણ ભાવિકો માટે અન્નક્ષેત્ર શરૂ કરાઈ છે અને પ્રેમથી પરિક્રમાર્થીઓને પ્રસાદ-ભોજન પીરસવામાં આવે છે. અનેક સેવાભાવીઓ ભાવિકો માટે શરૂ થયેલા અન્નક્ષેત્રોમાં સેવા આપે છે. ભવનાથ ખાતે યોજાતો શિવરાત્રીનો મેળો અને પરિક્રમના મેળામાં દર વર્ષે દુર-દુરથી ભાવિકો ઉમટી પડે છે અને પ્રકૃતિના ખોળે ઈશ્વરના સાનીધ્યમાં સેવાનું પુનીત ભાથું બાંધે છે. ગિરનારની લીલી પરિક્રમા આવતીકાલ તા.૧૨ નવેમ્બર મંગળવારથી વિધીવત રીતે શરૂ થઈ રહી છે. ત્યારે પરિક્રમાને લઈને તંત્ર દ્વારા તડામાર તૈયારીઓને ઓપ આપવામાં આવી રહ્યો છે. દેવ દિવાળીના દિવસથી રૂપાયતન નજીક મધ્યરાત્રીએ સંતો ભાવિકોની ઉપસ્થિતિમાં ગિરનારની લીલી પરિક્રમાનો મધ્ય રાત્રીએ પ્રારંભ થાય છે. દરમ્યાન આજે વહેલી સવારે ભાવિકોના ધસારાને લઈ વનવિભાગ દ્વારા પરિક્રમાનો ગેઈટ ખોલી નાખવામાં આવ્યો છે અને ૧ લાખ થી વધુ ભાવિકો પરિક્રમાના રૂટ ઉપર રવાના થયા છે. આ સાથે જ ભવનાથ વિસ્તારમાં ભાવિકોનો પ્રવાહ વહેતો થયો છે. ગિરનારજી મહારાજની પરિક્રમાની સાથે અહીં આવનાર પરિક્રમાર્થીઓને સંતોના દિવ્ય દર્શનનો પણ લ્હાવો મળે છે. પરિક્રમાની વિશેષતા એ છે કે લીલી પરિક્રમામાં નાના-મોટા, અબાલ, વૃધ્ધો સૌ કોઈ પરિક્રમામાં જોડાઈ છે અને સેવાનું પુનીત ભાથું બાંધે છે. સર્વત્ર એક જ અવાજ ગુંજે છે. 'હાલ મનખા હાલ પરિક્રમાના મેળે' ગિરનારની લીલી પરિક્રમામાં ભાગ લેવા માટે ભાવિકોમાં પણ ભારે ઉત્સાહ પ્રર્વતી રહ્યો છે.

# ગિરનારની લીલી પરિક્રમાના ભાવિકોની સલામતી માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત






### સમગ્ર બંદોબસ્ત આઠ ઝોનમાં વહેંચાયું એસઆરપીએફ તથા એસડીઆરએફની કંપની ઉપરાંત કુલ ૨૪૨૭ કર્મચારી તૈનાત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો મેળો આવતીકાલ મંગળવારથી વિધીવત રીતે શરૂ થઈ રહ્યો છે. આ પરિક્રમામાં લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડતા હોય જેને લઈને જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ચુસ્ત અને કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

દરમ્યાન ગઈકાલે હેડકવાર્ટર ખાતે પોલીસ વિભાગની એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જરૂરી સુચનાઓ આપી હતી. સમગ્ર બંદોબસ્ત આઠ ઝોનમાં વેંચવામાં આવેલ છે. પરિક્રમા બંદોબસ્તમાં ડીવાયએસપી ૯, ૨૭ પીઆઈ, ૯૨ પીએસઆઈ સહિત કુલ ૧૨૮ અધિકારીઓ તથા પોલીસ કર્મચારી ૯૧૪ તથા હોમગાર્ડ સભ્ય ૫૦૦, જીઆરડી સભ્ય ૮૮૫ સહિત કુલ ૨૪૨૭ કર્મચારી તથા એક એસઆરપીએફની કંપની તથા એક એસડીઆરએફની કંપનીનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. આ સાથે ગુનાઓ બનતા અટકાવવા ૧૩ ટીમ સર્વેલન્સ માટે રાઉન્ડ ધી કલોક તમામ ઝોનમાં ટોટલ ૬૨ કર્મચારી સાથે ફરજ બજાવશે તથા મહિલા તથા વૃધ્ધોની સુરક્ષા તથા સલામતી માટે સી ટીમની કુલ-૮ ટીમો સતત કાર્યરત રાખવામાં આવનાર છે. આ ઉપરાંત નેત્રમ શાખા દ્વારા ભવનાથ રૂટ ઉપર સીટીમાં મળી કુલ ૪૨૧ કેમેરા તથા પરીવહન વાહન-૧, બેગેજ સ્કેનર-૧ દ્વારા સતત મોનીટરીંગ રાખવામાં આવશે. આ બંદોબસ્તમાં જરૂરી સામગ્રીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમ કે, બોડીવોર્ન કેમેરા-૨૧૦, રસા-૧૯, હાથબતી-૬૩, અગ્નિ સામક-૪૯, વોકીટોકી-૧૯૫, નાઈટ વિઝન બાયનોકયુલર-૫, મેગા ફોન-૨૮, વાયરલેસ સેટ-૪૦, એચએચએમડી-૧૦, રાવટી-૪૭, ફલડ લાઈટ-૧૩, ઈમરજન્સી લાઈટ-૧૮, ફર્સ્ટ એઈડ બોકસ-૪૧, લાઈટ બેટન-૧૪૯ જેવી સાધન સામગ્રીનો ઉપયોગ કરેલ છે. આ સાથોસાથ યુવાધનમાં વ્યાપ ફેલાતા ડ્રગ્સના દુષણને નાબુદ કરવા યુવાઓમાં જાગૃતિ લાવવા ડ્રગ્સ અવરનેસ તથા સાયબર અવેરનેશના કુલ-૨૫૦ હોર્ડીંગ્સ સમગ્ર ગિરનાર પરિક્રમા રૂટ પર લગાડવામાં આવેલ છે.


**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

**મોરો સોપારી કટીંગ**
**૧ કિલોના ફકત રૂા.૬૦૦**
આ રીટેઈલ માટે છે

**નહી આવો તો જરૂર અફસોસ**

જૂનાગઢ

**મો.૯૩૭૬૬૦ ૫૫૬૨**



